કિંમત ₹ ૫

માસિક

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૦૧ ● સપ્ટેમ્બર-૨૦૧૫



## પ.પૂ.લાલજી મહારાજશ્રીનો ૧૮મો પ્રાકટ્યોત્સવ

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧
















૧. કિંગ્સલેન્ડ-જ્યોર્જીયા, અમેરિકામાં આઈ.એસ.એસ.ઓ.ના નવા ચેપ્ટરમાં સત્સંગ સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. ૨. પ.પૂ.લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ક્લિવલેન્ડમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા યુવા કેમ્પ યોજાયો હતો. ૩. પારસીપની મંદિરમાં ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ.લાલજી મહારાજશ્રી. ૪. પવિત્ર શ્રાવણમાસમાં અમદાવાદ મંદિરમાં પ.ભ.ખીમજીભાઈ પટેલ પરિવાર(મેડાવાળા) આયોજીત પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતા પ.પૂ.મહારાજશ્રી, આરતી ઉતારતા પ.ભ. ખીમજીબાપા, પ.ભ.રતીભાઈ (ટ્રસ્ટીશ્રી), પ.ભ.દશરથભાઈ (ટ્રસ્ટીશ્રી), પ.ભ. રમણભાઈ (ટ્રસ્ટીશ્રી) તથા વક્તા સ.ગુ.શાસ્ત્રી નિર્ગુણદાસજી સ્વામી કથાનું પાન કરાવતા.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૯ ● અંક : ૧૦૧

સપ્ટેમ્બર-૨૦૧૫

(મૂળ વર્ષ ૪૭)





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ''મહેસાણાના કળશીબા | ૦૬ |
| ૦૪. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી ગુરુપૂર્ણિમા સંદેશ | ૦૯ |
| ૦૫. | જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ | ૧૦ |
| ૦૬. | અષાઢી તોલ | ૧૧ |
| ૦૭. | ભગવાન અને ભગવાનના ભક્તના મનને રંજીત કરતું હિંડોળા પર્વ | ૧૩ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૯. | સત્સંગ બાલવાટિકા | ૧૬ |
| ૧૦. | ભક્તિ સુધા | ૨૩ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૮ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# અસ્મદીયમ્

આ વરસે ચોમાસું અનિયમિત બનતા જગતનો તાત ખેડૂત આકાશ તરફ રોજે મીટ માંડીને ભગવાનને પ્રાર્થના કરી રહ્યો છે. આપણે સૌએ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના નામની મહામંત્ર ધૂન વિશેષ કરવી જેથી મહારાજ તો દયાળુ છે. આપણી પ્રાર્થના જરૂર સાંભળશે.

આપ સૌને ખાસ મહત્વની બાબત આજે કહેવી છે.

સર્વોપરિ શ્રીહરિની ઉપાસનામાં ક્યાંય કચાશ ન રાખવી ઉપાસના શુદ્ધ હોવી જોઈએ.

ભગવાન વિના બીજા દેવની ઉપાસના ન કરવી અને જો બીજા દેવની ઉપાસના કરીએ તો તેમાં મોટો દોષ લાગે છે. ને પતિવ્રતાપણું જાય છે તે વેશ્યાના જેવી ભક્તિ થાય છે. માટે ભગવાનને વિષે સીતાને રૂકમણીના જેવી ભક્તિ કરવી. બીજું જે સાધુ સિધ્ધગતિને પામ્યા હોય તે સમાધિનિષ્ઠ હોય તેનું પણ ધ્યાન ન કરવું. અને સર્વે ને પોત પોતાના વર્ણાશ્રમ ધર્મને વિષે દઢ પણે વર્તવું.

બીજું આજે અમારી આજ્ઞા છે તેને જે પુરૂષ દ્રઢપણે પાળશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે નારદના જેવી દ્રઢ ભક્તિ થશે. અને આ અમારી આજ્ઞાને જે સ્ત્રી માનશે તેને શ્રીકૃષ્ણ નારાયણને વિષે લક્ષ્મીજી તથા રાધિકાજી આદિક જે ગોપીઓ તેના જેવી ભક્તિ થશે. અને આ અમારા વચન ને જે નહિ માને તેની ભક્તિ વેશ્યાના જેવી થશે. (ગ.મ. ૧૯)

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ (ઓગસ્ટ-૨૦૧૫)




૧ થી ૮ અમેરિકા એલાન ટાઉન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા અને ટોરન્ટો કેનેડા શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૯ પ.પૂ. લાલજી મહારાજશ્રીનો ૧૯ પ્રાકટ્યોત્સવ પોતાના શુભ સાનિધ્યમાં ઉજવાયો.

૧૭થી૧૮ શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર શતાબ્દી પાટોત્સવ મહોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩થી૨૪ ભુજ (કચ્છ) અને શ્રી સ્વામિનારાયણ મંદિર બળદીયા (કચ્છ) કથા પ્રસંગે પધરામણી.

૨૫ થી ૧૪ સપ્ટેમ્બર - શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (અમેરિકા) ૨૦ માં પાટોત્સવ મહોત્સવ અને શ્રી સ્વામિનારાયણ મંદિર સ્ટ્રેધામ (યુ.કે.) દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધરામણી.




## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

### (ઓગસ્ટ-૨૦૧૫)

૯ પોતાનો ૧૯ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીની શુભ નિશ્રામાં સંત-હરિભક્તોએ ધામધૂમથી ઉજવ્યો.

૨૩ થી ૩ સપ્ટેમ્બર - શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયા (અમેરિકા) ૨૯ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.



# મહેસાણાના કળશીબા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભક્ત નરસિંહ મહેતાના છઠ્ઠા વંશજ ભુદર મહેતા નામે નારદીપુર ગામે રહેતા હતા. તેઓ પવિત્ર સદાચારી ધર્મ પરાયણ ભક્તિ વાળુ જીવન જીવતા. ત્રિકાળ સંધ્યાદિ પંચયજ્ઞ નિત્યકર્મ વેદાદિ અધ્યયન કર્મ નિત્ય કરતા. જેમના જીવનથી પ્રભાવિત થઈને રાજકર્તાઓ આદર ભાવ રાખતા.

દર ત્રણ વર્ષે આવતા કુંભમેળાઓ, અર્ધકુંભ મેળામાં સપરિવાર અવશ્ય સ્નાન કરવા જતા. ગમે તેવો અનુકુળ-પ્રતિકુળ સમય સંજોગો જોયા વિના મહિનાઓ મહિનાઓ પગપાળા ચાલીને જતા અને ત્યાં સાચા સંતોનો સમાગમ કરી સત્સંગ કરીને શાહી સ્નાન કરી પાવન થતા.

એકવાર હરિદ્વારના કુંભ મેળામાં હરિદ્વાર-હરદ્વારના નામે સાધુ સંતો બાવાઓ શિવ-વૈષ્ણવ મતવાળાઓમાં પરસ્પર વિવાદ થયો. જે હિંસામાં ફેરવાતા પાંચથી દશ હજાર બાવાઓ સ્વર્ગે સિધાવ્યા - આ વિવાદના સંઘર્ષમાં નારદીપુરના ભુદરજી મહેતા આવ્યા હતા અને લડાઈમાં વચમાં ભિડાઈ જતાં માથામાં બાવાઓની લાકડીઓ વાગવાથી બેહોશ બનીને પડી ગયા અને પૃથ્વી પર પડતાં ભગવાને સાક્ષાત્ આવી મુક્તરાજને ઉપાડી લીધા. મસ્તકે હાથ ફેરવી માથાંમાં પડેલા ઘાની વેદના શાન્ત થઈ. ભગવાન દિવ્ય રૂપે કહ્યું કે ભુદર ! તમે તમારા વતનમાં જાઓ. આવા વિવાદિત સમયમાં તમે રહેશો નહિ. તમારી કુંભમેળાનાં દર્શનની ટેકથી અમે ખૂબજ પ્રસન્ન થયા છીએ. તો હવે પછી તમારે કુંભ મેળામાં આવવાની આવશ્યકતા નહિ રહે. તમારે ઘેર સાક્ષાત્ ગંગાજી સ્વરૂપે અને કળશ સ્વરૂપે દીકરીઓ સ્વરૂપે પ્રગટ થશે. વરદાનથી રાજી થયેલા ભુદરજી મહેતા ભગવાનને યાદ કરતા પોતાના વતને પરત આવ્યા. સમયાન્તરે પત્ની પ્રેમકુવર થકી પ્રથમ પુત્રી સં. ૧૮૦૭ માં જેઠ સુદી-૭ ગંગા સપ્તમીના દિવસે જન્મ થયો. તેનું નામ ગંગાકુંવર રાખ્યું. (જેઓ જેતલપુરમાં રહ્યાં. શ્રીહરિના ''મા'' ગંગામાં કહેવાયા. જેની વાત ગત અંકમાં પ્રકાશિત થઈ છે.) સંવત ૧૮૧૬ આસોવદી તેરશ (ધનતરેશ)ના દિવસે બીજી પુત્રીનો જન્મ થયો. તેનું નામ કળશ (કુંભ મેળા)ની સ્વરૂપે ''કળશકુંવર'' રાખ્યું. ત્રીજી પુત્રી રળીયાત નામે થઈ. બે પુત્રો હતા (૧) જોઈતારામ અને (૨) નાનાલાલ.

હવે વાત પુત્રી કળશકુંવરની લખવી છે. ભુદરજી મહેતાની મોટી દીકરી ગંગાકુંવરની જેમ કળશકુંવર

દીકરી સદ્‌ગુણી પવિત્ર ધર્મનિષ્ઠ સદાચારી ગુણવાન હતી.

બાલ્યાવસ્થાથી જ પૂજાપાઠ દેવદર્શન વડીલોનો આદર સત્કાર માતાપિતાની સેવા પરાયણ રહેતી. કળશકુંવર એજ કુંભ એટલે કળશ કુંભમેળાના અંશથી અક્ષરધામના મુક્તએ જન્મ લીધો હતો. મોટી દીકરી ગંગાકુંવર વિશ્વનાથ રાવલની સાથે લગ્ન થયા બાદ ઘરની તમામ જવાબદારી કળશકુંવરના શિરે આવી.

એક દિવસ માણસા ગામે પિત્રાઈ ભાઈના લગ્ન પ્રસંગે મહેસાણાના વાસાલાલ દવેના પુત્ર નથુરામ દવેને જોતાં કળશકુંવરે તેમની સાથે લગ્ન કરવાની ઈચ્છા દર્શાવી. સોળ વર્ષની ઉંમરે બન્નેના માતાપિતાની અનુમતિથી વેવિશાળ નક્કી થયાં.

વિ.સં. ૧૮૩૩ ના અખાત્રીજના દિવસો કળશકુંવરના મહેસાણાના નથુરામ દવે સાથે વેદોક્તવિધિસર લગ્ન થયાં. ભુદરજી નાગરજ્ઞાતિના હતા અને નથુરામ ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના હોવાથી નાગરના જ્ઞાતિજનો એ વાંધો વિરોધ કરતાં બન્ને પરિવારને કેટલાક વર્ષ સુદી ન્યાત બહારની સજામાંથી પસાર થવું પડ્યું હતું. ત્યારે ભુદર મહેતા કરજીસણમાં રહેવા આવ્યા હતા.

નાત બહારની કસોટીમાં કળશકુંવરબા અતિ કઠિન તપ વ્રત ઉપવાસો કરીને દેહ દમન કર્યું. મહેસાણા પંથકમાં નથુરામ દવેની ખૂબજ સારી ખ્યાતિ હતી. મોટા મોટા પ્રતિષ્ઠિત લોકો શેઠ શાહુકાર નથુરામ દવેમાં આધ્યાત્મિક આસ્થા રાખતા. જ્યારથી કળશકુંવર સાથે લગ્ન થયા પછી આ પરિવારની ધન સમૃદ્ધિ આબરુ પ્રસિદ્ધિ ચારેય દિશામાં ફેલાઈ હતી.

કળશકુંવરબા તેમના મોટા બહેન ''ગંગામા'' જેતલપુર વાળાના યોગથી ઉદ્ધવ સંપ્રદાયના અનુયાયી બન્યા. અને ભગવાન સ્વામિનારાયણે જેતલપુરમાં મહાવિષ્ણુયાગ કર્યો તે સમયે ૩ મહિના જેટલો સમય સેવામાં રહ્યા ત્યારે શ્રીહરિના અનન્ય આશ્રિત બન્યા અને મહેસાણા પધારવા આમંત્રણ આપ્યું. શ્રીહરિ કહે સિધ્ધપુરની યાત્રાએ જઈશું ત્યારે અવશ્ય મહેસાણા આવીશું. તમારૂ ભોજન જમીશું.

કળશકુંવરબા મહેસાણા આવીને શ્રીહરિના પ્રગટપણાનો મહિમા ખૂબ ગાયો. તેથી પ્રભાવિત થયેલા મહેસાણા પંથકના નગરજનોને સ્વામિનારાયણનાં દર્શન કરવાની અત્યંત ઉત્કંઠા જાગી.

મહેસાણાના કળશકુંવરબા (જેને હાલમાં અપભ્રંશથી ''કશળીબા'' કહેવામાં આવે છે). કળશ એટલે કુંભ. તેના પ્રતિકરૂપે જન્મ થયેલ કળશકુંવરબા નામ હતું. નાગર જ્ઞાતિમાં દીકરીઓનાં નામે સાથે કુંવર શબ્દ વપરાય છે. એટલે તો જૂનાગઢના નરસિંહ મહેતાના દીકરીને ''કુંવરબા'' કહેતા.

કળશકુંવરબાને નથુરામ દવે થકી સંવત ૧૮૪૩ ના કારતક સુદ પૂનમ દેવ દિવાળીના શુભ મંગળ દિવસે એક પુત્ર રત્નનો જન્મ થયો. તેનું નામ બેચરદાસ રાખવામાં આવ્યું.

કળશકુંવરબાના જીવનમાં પુત્ર બે વર્ષનો થયો એટલામાં પતિ નથુરામ દવેનું સંવત ૧૮૪૫ આસો સુદી દશમી (દશેરા)ના રોજ મૃત્યુ થયું. પુત્ર નાનો હતો. ઘરની જવાબદારી જેવી અનેક વ્યવહારિક સમસ્યાનો સામનો કરતી કળશકુંવરે ભગવાનની ભક્તિમાં જરાપણ પીછે હઠ ના કરી. ભગવાન રાખે તેમ રહેવું એ સૂત્રને અનુસરીને દુર્જન લોકોના મહેણા સહન કરીને પણ સ્વામિનારાયણ ભગવાનનો આશરો મૂક્યો નહિ.

ભગવાન સ્વામિનારાયણ પાંચસો પરમહંસોને સાથે લઈને સિધ્ધપુરની યાત્રાનું નિમિત્ત બનાવી સંવત ૧૮૬૧ મહાવદી દશમીના રોજ મહેસાણા જોષીની ખડકીમાં આવેલ કળશીબાના ઘેર પધાર્યા. શ્રીહરિ અને પાંચસો પરમહંસને ઘીમાં ચડેલી ખીચડી જમાડીને તૃપ્ત કર્યા. અને રાત્રી વિસામો કર્યો. બીજા દિવસે વહેલી સવારે સિધ્ધપુર તરફ જવા તૈયાર થયેલા મહારાજ અને સંતોને પ્રેમ ઘેલી કળશીબાએ સ્નાનાદિક નિત્ય કર્મ કર્યા વિના ખીચડીનાં દાતણ કરાવ્યા. જે પ્રસંગે સંપ્રદાયમાં ખૂબજ પ્રસિદ્ધ છે.

ભગવાન સ્વામિનારાયણ કળશીબાના ઘેર કુલ ત્રણવાર પધાર્યા હતા. અને અનેક ઉત્સવો કર્યા હતા. કળશીબાની ભક્તિનો પ્રવાહ દિન પ્રતિદિન વધતો ને વધતો જ રહ્યો. આજુબાજુના ગામોમાં ફરી ફરીને સત્સંગ કરાવ્યો હતો.

સંવત ૧૮૮૫ ની સાલમાં મહેસાણામાં પ્લેગનો રોગ ચાળો ફાટી નિકળ્યો હતો. તેનાથી બચવા લોકો બહારગામ ચાલ્યા જતા હતા. ત્યારે કળશીબા પુત્ર અને ઘર વખરી ભરીને સિધ્ધપુરથી ઉત્તર બાજુ તેઓની પીપળજના ઠાકોર સાહેબે બક્ષિશમાં આપેલી ૧૦ વીઘા જમીન હતી ત્યાં રાજપુર ગામે આવીને રહ્યાં. એકાદ વર્ષનો સમયનો ગાળો રાજપુરમાં વિતાવતાં પ્લેગનો રોગ સિધ્ધપુરના વિસ્તારમાં ફેલાતાં કળશીબા પુત્રની સાથે સરસ્વતી નદીને કિનારે પોતાના ખેતરમાં ખોરડું બનાવી રહેવા લાગી. પણ રોગનો પ્રભાવ ખૂબજ વધી ગયો હતો. રોગગ્રસ્ત થવાથી સંવત ૧૮૮૬ ફાગણ સુદી એકાદશીના દિવસે ખેતરમાં પીપળાના વૃક્ષ નીચે કળશીબાએ દેહ છોડ્યો. તે સમયે શ્રીહરિ વિમાન લઈને તેડવા આવ્યા હતા. કળશીબા સિત્તેર વર્ષની ઉંમરે અક્ષરવાસી થયાં. ત્યારે પુત્ર બેચરદાસની ઉંમર ૪૦ વર્ષની હતી.

કળશીબાનો વંશ હાલ પણ મહેસાણામાં હયાત છે. તેઓના વંશજો વર્ષો સુધી જોષીની ખડકીમાં રહેતા હતા. કળશીબાના પુત્ર બેચરદાસના પુત્ર મોહનલાલ દવે તેના રઘુપતિરાય દવે તેમને મનુભાઈ નામે પુત્ર અને જયશ્રીબેન તથા ઉષાબેન બે દીકરીઓ છે. મનુભાઈ દવે હાલ પોંડિચેરી આશ્રમમાં રહે છે. મનુભાઈના પુત્ર ધનંજય દવે અને તેમના પત્ની મમતાબેન મહેસાણામાં રહે છે. તેમને આર્જવ નામે પુત્ર છે. જેની ૨૧ વર્ષની ઉંમર છે. કોલેજમાં ભણે છે અને હાઈવે પરના આપણા મંદિરમાં સવારે નિત્ય દર્શન કરવા આવે છે.

દીકરીઓ ઉષાબેનના ગેરિતા લગ્ન કર્યા છે અને જયશ્રીબેનના ઉંઝામાં પ્રવિણચંદ્ર આચાર્ય સાથે લગ્ન કર્યા છે.

કળશીબાની વંશની માહિતી સિધ્ધપુરના ગોરદાદા તથા કળશીબેનના નાનીબેન રળીયાતબાના વંશજ અશોકભાઈ સોમદાસ મહેતા ગામ ઉનાવામાં રહે છે. (એડવોકેટ) જેઓએ નાગરજ્ઞાતિમાં **PHD** ડોકટરેટ પદવી મેળવી છે. તેઓએ ભારત ભરના નાગરબંધુઓ મહેસાણા, પાટણ અને અમદાવાદના નાગર જ્ઞાતિના સંશોધકો પાસેથી મેળવેલ માહિતીના આધારે આ અલભ્ય યશસ્વી જીવન ગાથા વંશાવલી ઉપલબ્ધ થઈ છે. જેના વિષે કળશીબાના વંશજો ને પ્રત્યક્ષ મળીને પ્રત્યક્ષ પુરાવા મેળવ્યા છે. તેમાં અમને પૂર્ણ સંતોષ થયો છે. તેથી સત્સંગમાં મુકતરાજ મહેસાણાના કળશીબાની જીવનકથા લખી છે. તેમજ જેતલપુરના ગંગામાની વંશાવલી શોધતાં શોધતા કળશીબાની જીવન કથા મળવા પામી છે. કળશીબાના પતિ નથુરામ દવેનું ગોત્ર ભારદ્વાજ, ત્રિપર્વ, શુકલ યજુર્વેદ, મધ્યાનંદની શાખા, ચામુડાકુળ દેવી, મહોદર ગણપતિ, ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ, વિરેશ મહાદેવ, આશિત ભૈરવ, સોમસર્વ આવા પાવન પ્રમાણો છે.

## સમસ્ત સત્સંગ જોગ

**સમસ્ત સત્સંગને સહર્ષ જણાવાનું જે, સાધુ સંશયવિમોચકદાસજી ગુરુ સ.ગુ.ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશના નાગરિક સંત હતા. હવે તેઓ અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશમાં રહેવા આવ્યા હોવાથી શ્રી નરનારાયણદેવ દેશના નાગરિક થયા છે. જેની સૌ સત્સંગને જાણ થાય.**

શ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના મુખેથી ગુરુપૂર્ણિમા સંદેશ

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)



આજના દિવસે સૌએ શ્રી નરનારાયણદેવનું દર્શન કર્યું. ખૂબ આનંદ થયો. કારણ કે આપણા સૌના ઉપાસ્ય કહીએ કે ગુરુ કહીએ તો પણ શ્રીજી મહારાજનું જ સ્વરૂપ એવા નરનારાયણદેવ છે. સત્સંગનું જે કંઈ ઉત્તમ કાર્ય થાય છે તે શ્રી નરનારાયણદેવના પ્રતાપે થાય છે. બાકી આપણી પોતાની અક્કલ હોશિંયારીથી કરવા જઈએ તો કંઈ ન થાય. આપણા ઉત્સવ સમૈયા જુઓ, છેલ્લો શ્રી નરનારાયણદેવ મહોત્સવ ઉજવ્યો. આજે પણ ઘણા હજુ કહે છે કે, 'ઉત્સવ બહુ સારો થયો'. તો શું આવા ઉત્સવો માત્ર આચાર્યશ્રી, સંતોથી કે હરિભક્તોથી થાય છે ? ના, આવા ઉત્સવોની સફળતાનું કોઈ કારણ હોય તો એ શ્રી નરનારાયણદેવ છે. દેવના પ્રતાપથી આપણે સૌ કાર્ય કરી શકીએ છીએ. કાર્ય કરનાર દેવ છે. આપણે નિમિત્ત બનીએ છીએ, યશ આપણને મળે છે. દેવ જ્યારે આપણામાં પાવર મૂકે છે ત્યારે એ પાવરના પ્રતાપથી આપણે સૌ કાર્ય કરી શકીએ છીએ.

મારે કોઈને ઉપદેશ નથી આપવો. ઘણું કાર્ય થયું છે અને ઘણું કરવાનું બાકી છે. સૌ સાથે મળીને કરીએ તો કાર્ય દીપી ઉઠે છે. અમને કે કોઈ વ્યક્તિને રાજી કરવા કોઈ કાર્ય ન કરવું પરંતુ માત્ર દેવને રાજી કરવા જ સત્સંગની પ્રવૃત્તિ કરવી. હાર પહેરવામાં બહુ મજા નથી. નિર્માની થવામાં બહુ મજા છે. નરનારાયણદેવના પ્રતાપથી આજે સમગ્ર વિશ્વમાં સત્સંગનો વ્યાપ ખૂબ વધ્યો છે. આચાર્યનું જે પદ છે તે સત્સંગની સેવા કરવા માટેનું પદ છે. પદ પર રહીને ઉંચી ગાદી પર બેસવું એવો અર્થ નથી. હકીકતમાં પૃથ્વીનું આસન જ ખૂબ પવિત્ર અને ઉંચુ છે. મહારાજે આ પૃથ્વી પર જ અવિરત વિચરણ કરીને પૃથ્વીને પાવન કરવાની સાથે સાથે સત્સંગના મૂળ ઉંડા નાંખ્યા છે. ઉંચા આસન પર બેસે તેને ક્યારેક કોઈક નીચા ઉતારે, પૃથ્વીનું જ આસન કરીને નીચે બેસીએ તો ત્યાંથી તો કોઈ નીચે ઉતારવાનું નથી ! અમે કોઈને શિષ્ય કરતા નથી. અમારે કંઈ નવું કરવું નથી. મહારાજે આપણને સૌને જે રાહ બતાવ્યો છે એ રાહ પર જ આપણે સૌ ચાલવાનું છે. શ્રીજી મહારાજના વચન સર્વોપરી છે. આપણે બહુ સુખી છીએ કે અહીં પદ માટે કોઈ ખેંચાખેંચ નથી. બાકી આપણે સૌ જાણીએ છીએ કે જ્યાં જેઓ મહારાજના વચનની બહાર પગ મૂકીને વર્ત્યા છે, આચાર્ય પદની ગરિમા નથી જળવાણી કે સંતોની ગરિમા નથી જળવાણી ત્યાં આજે કેવી અરાજકતા ઉભુ થઈ છે ! અમે માનીએ છીએ કે ચાન્દ્રાયણ કરવું, ચાતુર્માસ કરવો કે ધારણા-પારણા કરવા કે ઉંધે માથે રહીને તપ કરવું તે બધા કરતાં મહારાજના વચનમાં રહેવું એ જ સૌથી મોટું તપ છે. જ્યાં મહારાજના વચનની મર્યાદા સચવાય છે ત્યાં સુખ, સમૃદ્ધિ અને શાંતિ હોય છે. મહારાજના વચનમાં વર્તવાથી જ દરેક પ્રકારની ઉન્નતિ થાય છે.

ખૂબ દૂર દૂરથી ઘણાં હરિભક્તો આવ્યા છે. તો વિશેષ નહી કહેતા આજના દિવસે તમારા પરિવાર સહિત સૌનું ખૂબ મંગળ થાય એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

# જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ

(દલપત શૃંખલા-૬)

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

મૂળી મંદિરમાં જન્માષ્ટમીને દિવસે કુસુમકવિની સભા દલપતરામ જીત્યા એ એમનો કાવ્ય વિજય હતો. એ વિજયતિથિથી દલપતરામ સંપ્રદાયમાં કવિ તરીકે વિખ્યાત બન્યા. કાવ્ય વિજય થી અયોધ્યાપ્રસાદજી મહારાજે તાબડતોબ ‘‘એ ખર્ચ અમે આપીશું, તમે અમદાવાદ રહોને સંસ્કૃત ભણો’’ એમ કહી દલપતરામને સંસ્કૃત ભણવા માટે અમદાવાદ નોતર્યા.

સમૈયો વેરાયે દલપતરામ વઢવાણ આવ્યા ને સંસ્કૃત ભણવાને માટે અમદાવાદ જવાની તૈયારમાં પડ્યા. સંવત ૧૯૦૧ (ઈ.સ. ૧૮૪૫)ના ભાદરવા સુદ સપ્તમીએ ખભે ઝોળી ભરાવી આચાર્યશ્રીના ઈજનને વધાવવા અમદાવાદ આવવા નીકળી પડ્યા, તે ભાદરવાની જલઝીલણી એકાદશીના રોજ તેઓ અમદાવાદ આવ્યા.

તે વખતે મઠ અને મંદિરો ઉચ્ચ કેળવણી માટેની મહાપાઠશાળાઓ હતી. અમદાવાદના મંદિરમાં એક મેડો વિદ્યાર્થીનો મેડો કહેવાતો. તે મેડે વિદ્યાર્થીઓ ભેગા દલપતરામ પણ રહેવા લાગ્યા. દલપતરામને મંદિરના કોઠારેથી સીધું અપાતું ને તેઓ હાથે રાંધી ખાતા. મહંત વૃંદાવનદાસજી અને વૈરાગ્યમૂર્તિ નિર્ગુણદાસજી સ્વામી દલપતરામના સહાધ્યાયીઓ હતા. માહેશ્વર ભટ્ટના પુત્ર જેષ્ટારામ પણ તેમની સાથે ભણતા. આ સૌ સહાધ્યાયીઓને જીવનનાં પાંચ દાયકાઓ પછી પણ દલપતરામ ભૂલ્યા નહોતાં.

(જ્યારે એમના મૃત્યુ લોકની વિદાય ઘડી આવી ત્યારે અઠવાડિયા પૂર્વે ફાગણ માસની કૃષ્ણ એકાદશીએ તેઓ ન્હાઈ ધોઈ સ્વચ્છ થયા. શ્વેત કફની પહેરી અને પાંચ દાયકાના જૂના સ્નેહી સહાધ્યાયી ત્યાગમૂર્તિ નિર્ગુણદાસજીના સાધુ મંડળને એમણે પોતાના ઘેર નોતર્યાં. સૌ સંતોનું પૂજન અર્ચન કરાવ્યું. ગંધને પુષ્પ માળાઓ આરોપાવી અને ‘‘રે સગપણ હરિવરનું સાચું’’ એ કીર્તન ગવડાવ્યું. બસ એ કીર્તન સાંભળતા સાંભળતા મૂર્ધન્ય કવીશ્વર દલપતરામે સંપ્રદાયની છેલ્લી વિદાય લીધી હતી.)

માળી છાબમાં સુગંધિ પુષ્પોની છાબ લઈને માર્ગેથી નીકળે કે ફૂલોની સુગંધ ચોમેર વ્યાપી જાય તેમ દલપતરામ મંદિરમાં ભણતા ને અમદાવાદ શહેરમાં એમની કાવ્યકલારૂપી ફૂલછાબની કીર્તિ સુવાસ પ્રસરવા માંડી. મંદિરની પાડોશમાં બેચર મણકીવાળા નામક ધનાઢ્ય વૈષ્ણવ પરિવારની હવેલી છે. તે વખતે તેમાં મણકીવાળાની ગાદીએ સાહિત્ય પ્રેમીને કાવ્ય રસિયા છોટાભાઈ શેઠ હતા. રોજ એકવાલ સોનાનું દાન કરીને તે જમતા. એટલા ધનઢ્ય ને પરોપકારી હતા. ભલે તેઓ વલ્લભ સંપ્રદાયના હતા પરંતુ સ્વામિનારાયણ મંદિર સાથે પડોશી ધર્મને નાતે ઘરોબો રાખતા ને આવતા જતા રહેતા. એમણે જાણ્યું કે મંદિરમાં કોઈ કવિ આવ્યા છે ને શીઘ્રકાવ્ય કરે છે એટલે આસો વદની એક સંધ્યા સભામાં આ છોટાભાઈ શેઠ મંદિરમાં આવ્યા ને સભામાં બેઠા. આરતી ધૂન થઈ રહ્યાં પછી છોટાભાઈ શેઠે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજીને પૂછ્યું, ‘‘આપની પાસે સરસ્વતિ પ્રસન્ન કોઈ કવિ આવ્યા છે એમ સાંભળ્યું છે.’’ આચાર્યશ્રીએ દલપતરામને બોલાવી એમની ઓળખાણ કરાવી. શેઠે દલપતરામને ફરમાવ્યું. ‘‘કવિરાજ ! કોઈ શીઘ્ર કાવ્ય



સંભળાવો.'' દલપતરામે કહ્યું : આપ વિષય કહો એનું કાવ્ય સંભળાવું.'' શેઠે કહ્યું, ''આ સભાનું વર્ણન કરો.'' આદેશ થયો કે બે ચાર ક્ષણમાં જ કવિની કાવ્યધારા વછૂટી.

**માનસર કે સમાન માનહુ વિરાજમાન**
**સંતકી સભા સુજાન ધર્મવંશી પાસ હે.....**
**..... કહે દલપતરામ સુનો છોટાલાલ ભ્રાત**
**ધર્મદ્વેષી વિમુખ કુમુદિની ઉદાસ હૈ.**

કાવ્યમર્મજ્ઞ છોટાભાઈ શેઠે આ સવૈયામાં અલંકારદોષ બતાવ્યો તો તૂરત જ દલપતરામે નવો સવૈયો રજુ કર્યો અને કાવ્યતર્કથી એમાંના અલંકારદોષને દૂર કર્યો!

છોટાલાલ હસી પડ્યા ને દલપતરામના કાવ્યતર્કથી આશ્ચર્ય સહ આનંદ પામ્યા. એમનો કવિતા રસિયો આત્મા ઉછળી પડ્યોને કવિને બિરદાવ્યા કે, ''શાબાશ કવિરાજ ! શાબાશ.'' અને આચાર્યશ્રીને કહ્યું કે, ''ઘણાં કવિઓ મેં જોયાં છે પણ આવો તર્કશક્તિ સંપન્ન તરંગો ઉછાળતો હજુ દીઠો નથી. સ્વામિનારાયણ સંપ્રદાયની તેઓ શાન છે, શોભા છે.''

આમ દલપતરામની કાવ્યકલાની સુવાર્તા પછી તો કર્ણોપકર્ણ શહેરમાં ફેલાવા લાગી. અમદાવાદમાં લાખા પટેલની પોળમાં એક શેઠની પોળ આવેલી છે. તેમાં ઢાળ ઉતરતાં ગિરધર લાલભાઈ ધ્રુવ રહેતા. તેઓ સારા સત્સંગી હતા અને કાવ્યરસિક પણ હતા. મણકીવાળા શેઠ પાસેથી એમણે દલપતરામ વિષે વાત સાંભળીને પ્રસન્ન થયા. લાખા પટેલની પોળનાં નાકે એ વેળા સારાભાઈ બાપાભાઈ કરીને વૃધ્ધ રહેતા હતા, તેઓ પણ સાહિત્ય પ્રેમી અને સારા કવિ પણ હતા.

એક વેળાએ ગિરધરલાલ ધ્રુવની સંગાથે દલપતરામ સારાભાઈને ઘેર ગયા. કાવ્ય વાર્તા થઈ. દલપતરામની કવિતાઓ સાંભળી રાજી થયા. પોતાની કવિતા યે સંભળાવી. આમ અયોધ્યાપ્રસાદજી સમા સમર્થ આચાર્યશ્રી, વાસુદેવાનંદ જેવા બ્રહ્મચર્ય પરાયણ બ્રહ્મચારી, નિર્ગુણદાસજી સરિખા ત્યાગમૂર્તિ સહાધ્યાયી આ સર્વેનો સત્સંગ દલપતરામને વધતો ચાલ્યો અને એમનો ચઢતો ને ચઢતો રંગ થયો. એક વખત દલપતરામ નગરશેઠ હેમાભાઈને સમાગમે પણ જઈ આવ્યા હતા. આ રીતે અમદાવાદના ગુણિજનોમાં દલપતરામના ગુણ પ્રસરવા અને પૂજાવા લાગ્યા.

અમદાવાદ શહેરમાં અભ્યાસની સાથે સાથે આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ સમીપનો શીઘ્ર કવિતાનો દલપતરામનો કાવ્ય વિનોદ તો દિનો પ્રતિદિન ચાલુ જ રહેતો. કેમ કે આચાર્યશ્રી પોતે એક અચ્છા કીર્તનકાર અને કાવ્યપારખુ હતા.

એક વેળા મંદિરમાં પોઢણ સમયે આચાર્યશ્રી પણ પધાર્યા હતા ને વૈષ્ણવાનંદ બ્રહ્મચારી, લૂલા સાધુ કૃષ્ણચરણદાસજી તથા બીજા ચારેક સંતો હાજર હતા. કીર્તન ગવાઈ રહ્યાં હતાં ને શયન આરતીની વાટ જોવાતી હતી. તે વખતે દલપતરામ પણ શ્રી નરનારાયણદેવના શયનનાં દર્શનાર્થે મંદિરમાં આવ્યા. દલપતરામને આવતા દેખી એક સંત બોલ્યા કે, ''આ કવિ આવ્યાં. ''જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ.'' આ સાંભળી સાધુ કૃષ્ણચરણદાસજીએ પ્રશ્ન કર્યો કે, ''રવિથી પણ કવિ શું મોટા કે ?'' ત્યાં વળી વૈષ્ણવાનંદ બ્રહ્મચારીજી દૂહાનું ચરણ બોલી ઊઠ્યા :

**'યહ નરનારાયણ બડા, ઈનસે બડા ન કોઈ''**

દલપતરામ સંતોની કાવ્ય મીમાંસા અને વિનોદ પારખી ગયા. તરત જ આચાર્યશ્રીને વિનંતી કરી કે ''આજ્ઞા હોય તો પાદપૂર્તિ કરું.'' આચાર્યશ્રી એ સંમતિ આપી કે કરો.'' દલપતરામે બીજું ચરણ રજુ કર્યું.

મહારાજ હું મેં બડો દુપચ્છ વત્સર હોઈ (બે વરસ નો બે પખવાડિયા)

''જુઓ મહારાજશ્રી, મારા જન્મ પછી (દલપતરામનો જન્મ સંવત ૧૮૭૬માં થયો હતો.) બે વર્ષને બે પખવાડિયા પછી આ નરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ છે. એ રીતે જોતાં બે વર્ષને એક માસે હું (કવિ) એમનાથી મોટેરો થયો કે નહિ?''

આવા નિર્દોષ કાવ્યવિનોદથી આચાર્ય મહારાજશ્રી તથા સહવાસી સંતો ખૂબ રાજી થયા એમણે દલપતરામની પીઠ થાબડી ને આશીર્વાદ પણ આપ્યા. એ સૌને લાગ્યું કે સત્સંગના આપણા આ કવિરત્ન રવિ ન પહોંચે ત્યાં પણ પહોંચી શકે છે. એમના કાવ્ય વિનોદથી, શીઘ્ર તર્કશક્તિથી અને નિર્દોષ પાદપૂર્તિની વિશિષ્ટ આવડતથી! (ક્રમશઃ)

નોંધ : અત્રે કવિ દલપતરામનાં પારિવારિક તથા સામાજિક પ્રસંગો ને સ્પર્શ કર્યો નથી અને માત્ર એમના જીવનના એવાં પ્રસંગો લીધાં છે જેમાં એમને સ્વામિનારાયણ સત્સંગ અને એ વખતે વિદ્યમાન આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ, સમકાલીન સંતો વિગેરેનું સાન્નિધ્ય અને સહકાર તથા આશીર્વાદ પ્રાપ્ત થયાં હોય.)

# અષાઢી તોલ

- મહંત સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી (ટોરડા)

સ.ગુ.મૂ.અ.મૂ. ગોપાળાનંદ સ્વામીનાં ચમત્કારો અદ્યાપિ ચાલુ છે. ગોપાળલાલજી હરિકૃષ્ણ મહારાજ તથા ગોપાળાનંદ સ્વામીનાં સાનિધ્યમાં ટોરડામાં અષાઢી પૂર્ણિમાની રાત્રે મંદિરનાં મહંત સ્વામી અને ગામ લોકો ટોરડાનાં મંદિરમાં ભેગા થાય છે. પછી દરેક અનાજ, રસકસ, તેલિબિયા, લાલમાટી (મનુષ્ય માટે) કાળી માટી (પશુમાટે) વગેરે અડધો-અડધો તોલો લઈ સોનાનાં કાંટે તોલાય છે. પછી તે વસ્તુઓ ભગવાનનાં વાઘામાં ૧૧ પોટલીઓ બાંધી માટીના કોરા ઘડામાં મૂકી ઉપર કોડિયું ઢાંકી દેવાય છે. તે તોલનો કાંટો, તેમજ તોલ (બાટ) એ ઘડાની ઉપર મૂકી દેવામાં આવે છે. પછી ઘડાનું મોં રાધિકાજીની સાડીથી બાંધી દેવામાં આવે છે. આ ઘડો રાત્રે ગોપાળ લાલજીનાં મંદિરમાં સિંહાસનમાં મૂકી દેવામાં આવે છે. બીજે દિવસે સવારે એટલે અષાઢ વદ એકમ (પડવા)નાં રોજ ગામ લોકો મંદિરમાં આવે છે. અડધો કલાક ભજન ધૂન કરવામાં આવે છે. ત્યારબાદ એ ઘડાને બહાર મંદિરનાં ધુમ્મટ નીચે મૂકવામાં આવે છે. ઘડાનું મોઢું છોડી અંદરથી પોટલું બહાર કાઢવામાં આવે છે. તે પોટલીઓની વસ્તુઓને ફરીથી તોલવામાં આવે છે. જે વસ્તુઓ વધારે પાકવાની હોય તે તોલમાં વધે છે અને જે ઘટવાની હોય તે તોલમાં ઓછી થાય છે. જેમાં વધઘટ થવાની ન હોય તેમાં ફેર પડતો નથી. આ પ્રમાણે દર વર્ષે અષાઢી તોલાય છે. વેપારી અને ખેડૂત લોકો એના સમાચાર જાણવા આતુર હોય છે. આ પરિણામોને આધારે તેઓ ખેતી અને વેપાર કરે છે. આ ચમત્કાર દર વર્ષે થાય છે.

-: આ વર્ષની અષાઢી તોલની વિગત :-

| | | |
|---|---|---|
| (૧) | અડદ - | બરાબર |
| (૨) | લાલમાટી - | બાજરીનાં આઠ કણ વધારે (મનુષ્ય માટે) |
| (૩) | રસકસ - | બાજરીનાં ૨૫ કણ ઓછા |
| (૪) | કાળી માટી - | બરાબર (પશુ પક્ષી માટે) |
| (૫) | ડાંગર - | બાજરીનાં ૧૪ કણ ઓછા |
| (૬) | મકાઈ - | બાજરીનાં ૩ કણ ઓછા |
| (૭) | કપાસ - | બાજરીનાં ૧૦ કણ ઓછા |
| (૮) | ઘઉં - | બાજરીનાં ૧૦ કણ વધારે |
| (૯) | બાજરી - | બાજરીનાં ૨૦ કણ વધારે |
| (૧૦) | ચણા - | બાજરીનાં ૨૧ કણ વધારે |
| (૧૧) | મગ - | બાજરીનાં ૧૨ કણ વધારે |

નોંધ : આ વર્ષનાં અષાઢીનાં તોલ પ્રમાણે અણધાર્યો વરસાદ થવાની શક્યતા અને શિયાળુ પાક સારો થશે. તેથી સમગ્ર ખેડૂતોમાં ખુશીની લાગણી.

**સંપ્રદાયનું ગૌરવ**

શ્રી નરનારાયણદેવ દેશના ઉત્તર ગુજરાતના માણેકપુર (માણસા) ગામના શ્રી નરનારાયણદેવના નિષ્ઠાવાન પ.ભ. બહેચરભાઈ શંભુદાસ પટેલના પુત્ર ચિ. સુનિલે અમેરિકાના એલ.એ.માં યોજાયેલ ૧૧૭ દેશોની સમર ઓલમ્પિક ગેમમાં મંદ બુદ્ધિના બાળકોની સોફ્ટ બોલની ગેમમાં ઓસ્ટ્રેલીયાને હરાવી ગોલ્ડ મેડલ જીતીને આપણા ભારત દેશ અને સંપ્રદાયનું ગૌરવ ગરિમા વધાર્યું છે. આપણા ૧૭ રાજ્યોમાંથી કેન્દ્ર સરકારના રમત ગમત મંત્રાલયે સુનિલની પસંદગી કરી હતી. પ.પૂ. લાલજી મહારાજશ્રીએ તા. ૯-૮-૧૫ પોતાના ૧૯ મા જન્મોત્સવ દિને શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે શ્રી સુનિલનું બહુમાન કરીને તેમની ઉત્તરોત્તર પ્રગતિ માટે શ્રી નરનારાયણદેવને પ્રાર્થના કરીને આશીર્વાદ આપ્યા હતા.

# ભગવાન અને ભગવાનના ભક્તના મનને રંજીત કરતું હિંડોળા પર્વ

- પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)



ભક્તજનો ભગવાન પ્રત્યે પોતાનો ભાવ વિવિધ પર્વો ઉજવીને વ્યક્ત કરે છે. પુષ્ટિ માર્ગ તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં અષાઢ વદ બીજથી શ્રાવણ વદ બીજ દરમ્યાન ભગવાનને વિવિધ પ્રકારના હિંડોળા બનાવીને ઝૂલાવવામાં આવે છે. જેને હિંડોળા પર્વ કે હિંડોળા ઉત્સવ કહેવામાં આવે છે. આવી ઉજવણી વર્ષોથી દ્વારિકા, નાથદ્વારા, પંઢરપુર, ડાકોર, વ્રજધામમાં થતી રહે છે. દેશ વિદેશમાં સ્વામિનારાયણ ભગવાનનાં મંદિરોમાં પણ ઉપરોક્ત સમયે જાત જાતના હિંડોળા અર્થાત્ ફૂલના, વિવિધ ફળોના, રમકડાંના, ઈલેક્ટ્રોનિક સાધનો, ફાઉન્ટનપેન-બોલપેનના, સોના ચાંદીના, રૂપિયા કે ચલણી નોટોના, સનમાઈકાના રંગબેરંગી ટૂકડાના, રાખડીઓના, સૂકામેવાના, પવિત્રાના આદિ અનેક ચીજ વસ્તુઓના રંગબેરંગી લાઈટો ગોઠવીને હિંડોળા બનાવવામાં આવે છે. હિંડોળા વચ્ચે રેશમના ગાદી તકિયા પર ભગવાનની મૂર્તિ બિરાજે છે. હીરની દોરી વડે ભક્તજન પવિત્ર વસ્ત્રો ધારણ કરી ભગવાનને ઝૂલાવે છે.

કૃષ્ણાવતારમાં ભગવાન શ્રી કૃષ્ણ વ્રજમાં કદમની ડાળે ઝૂલતા. જેના વર્ણનો કવિ સૂરદાસજીની કૃતિઓમાં અને પુષ્ટિમાર્ગીય સંપ્રદાયના પરમાનંદદાસજી આદિ કવિઓની કૃતિઓ દ્વારા પ્રાપ્ત થાય છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં કવિવર બ્રહ્માનંદ સ્વામી, પ્રેમાનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી આદિ અષ્ટ કવિવરોએ હિંડોળાના અનેક અનુપમ પદો રચ્યા છે. વડતાલમાં કવિવર નિષ્કુળાનંદ સ્વામીએ બારદ્વારનો સુંદર હિંડોળો બનાવી શ્રીજીને ઝૂલાવેલા, વાસ્તવમાં હિંડોળાના પદો, એ તો આવા દિવ્ય દૃષ્ટિવાળા સંતોએ કરેલા પ્રત્યક્ષ વર્ણન કહેતાં પ્રત્યક્ષ દર્શનના વર્ણનો છે.

બ્રહ્માનંદ સ્વામીએ હિંડોળાના પદો રચ્યા છે તેમાંની એક કૃતિમાં લખે છે કે,

**સોનાના બોર ઝૂલે નંદ કિશોર,**
**પ્યારાના પારણે સોનાના બોર.**
**બ્રહ્માનંદ કહે મુખ રસિયા વ્હાલમનું,**
**ગોપી જુએ છે જેમ ચંદ્ર ચકોર.**

ભક્તોએ શ્રીકૃષ્ણને રાજા રણછોડ, વિઠ્ઠલનાથ, દ્વારિકાધીશ, ગિરધારી, ગોવર્ધનનાથ આદિ શુભ સ્વરૂપે સંબોધ્યા છે. સ્વામિનારાયણ ભગવાનને ઘનશ્યામ, શ્રીહરિ, શ્રીજી મહારાજ તરીકે સંબોધ્યા છે. કોઈ કવિવરે ધર્મકુમાર કે હૈડાના હાર તરીકે સંબોધન કરેલું છે.

પ્રેમાનંદ સ્વામી હિંડોળા પદમાં લખે છે કે,

**હિંડોળ નામે હોરે હોરે ઝૂલો રાજ**
**ગોપીનાથ રહી નૈનનમેં પ્રેમાનંદ**
**શિરતાજ**

હિંડોળા દરમ્યાન ઓચ્છવીયા ભક્તો ભગવાનની સમક્ષ તેમના સાનિધ્યમાં હાર્મોનિયમ, તબલા, ઢોલક, મંજીરા આદિ સાથે સૂર તાલમાં પદો ગાતા રહે છે. હિંડોળાની રચના કરવાનું પ્લાનીંગ અગાઉથી, કહેતા, સંતો-ભક્તો આગોતરુંજ કરે છે. આ કાર્ય અનેરૂં કલાત્મક કાર્ય છે. કારણ કે પ્રત્યેક ભક્તજનની આંખ હિંડોળાના દર્શન કરીને ઠરવી જોઈએ.


કલાત્મક હિંડોળા બનાવવાની આંતરિક સૂઝ અનેક ભક્તો ધરાવે છે. ક્યારેક હીરના આકર્ષક હિંડોળા મન ભાવન હોય છે. હાલે હિંડોળા દર્શનનો મહિમા વધતો જાય છે. મંદિરોમાં પણ ભક્તોની લોકોની કે દર્શનાર્થીઓની ભીડ જામતી રહે છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી

## શ્રી નરનારાયણદેવ સમક્ષ ઓચ્છવ





આપણા વૈષ્ણવ સંપ્રદાયમાં વ્રતના દિવસે ઉત્સવ મનાવવાની આગવી પરંપરા છે. ભગવાન સમક્ષ ભક્તો શ્રધ્ધા અને ભાવથી શણગાર, ભોગ, પૂજા અને કીર્તન દ્વારા નિવેદન કરે છે. એકાદશી, જન્માષ્ટમી વગેરે વ્રતના દિવસે ભગવાન સન્મુખ મૃદંગ, ઝાંઝ, શરણાઈ(ભૂંગળ) જેવા વાજીંત્રો વગાડી ભક્તો કીર્તન ભક્તિ કરે છે. અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણ દેવ ની પ્રતિષ્ઠા થઈ ત્યારથી આવા ઓચ્છવ શ્રી નરનારાયણ દેવ સમક્ષ થાય છે. જેની પરંપરા આજદિન સુધી ચાલું જ છે. આ ઓચ્છવ મંડળ દ્વારા કાર્તિકી પૂનમે સંપૂર્ણ રાત્રી ઓચ્છવ થાય છે તેમજ જલઝીલણી એકાદશી એ અમદાવાદ મંદિરમાં શ્રી ગણપતિજી સમક્ષ તથા શ્રી ગણપતિજીના વરઘોડામાં પણ વાંજીત્રો સહિત ઓચ્છવ કરવાની પરંપરા ચાલું છે. તે સમયે ઓચ્છવમાં વપરાશમાં લેવાતા મૃદંગ, ભૂંગળ અને ઓચ્છવના પદો અંકિત કરેલ પુસ્તક શ્રીસ્વામિનારાયણ મ્યુઝિયમમાં હોલ નં. ૩ માં દર્શનાર્થે રખાયેલ છે.

- પ્રફુલ ખરસાણી

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.

મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ઓગસ્ટ - ૨૦૧૫

| | |
|---|---|
| રૂા. ૨,૫૦,૦૦૦/- | ધર્મકુળના એક નિષ્ઠાવાન સત્સંગીબહેન તરફથી |
| રૂા. ૧૧,૦૦૦/- | બબુબેન બેચરદાસ પટેલ - ડાંગરવા |
| રૂા. ૧૧,૦૦૦/- | ધીરજભાઈ કે. પટેલ - અમદાવાદ |
| રૂા. ૬,૧૦૦/- | શ્રીજી પેટ્રોલ પંપ ચૌધરી પરિવાર - બાલવા |
| રૂા. ૫,૧૦૦/- | ગોહિલ મીનાબહેન મધુભા - ભરૂચ |
| રૂા. ૫,૦૦૦/- | કૌશિકભાઈ જોષી - અમદાવાદ |
| રૂા. ૫,૦૦૦/- | પ્રવિણભાઈ ગોકળભાઈ દેસાઈ - નારણપુરા |
| રૂા. ૫,૦૦૦/- | કાનજીભાઈ હિરજીભાઈ પટેલ<br>હ. શૈલેષભાઈ તથા પ્રવિણભાઈ - ટ્રેન્ટ |

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ઓગસ્ટ - ૨૦૧૫

| | |
|---|---|
| તા. ૦૧-૦૮-૧૫ | પાર્થ જનકકુમાર પટેલ - લવારપુરવાળા |
| તા. ૦૨-૦૮-૧૫ | બળદેવ સ્વામી તથા હરજીવન સ્વામી ગુરૂ ગવૈયા સ્વામીની પ્રેરણાથી - સ્વામિનારાયણ સત્સંગ મંડળ, નરોડા, આદિશ્વરનગર. |
| તા. ૦૯-૦૮-૧૫ | શ્રેયષભાઈ જશવંતભાઈ કે. મોદી, મમતાબેનનો સંકલ્પ પુરો થયો તે નિમિત્તે - થલતેજ |
| તા. ૨૩-૦૮-૧૫ | મગનભાઈ કેશવજીભાઈ ચૌહાણ - હ. કાશીબેન, રાજેશ, હર્ષદ તથા હિતેશ - માણામોરાવાળા પરિવાર, નવાવાડજ.<br>સાંજે : શ્રી મહિલા મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર - ઝુંડાલ, હ.મમતાબેન તથા ગીતાબેન તથા હંસાબેન |
| તા. ૩૧-૦૮-૧૫ | પટેલ મુકેશકુમાર મહેન્દ્રભાઈ પુંજલદાસ - ડાંગરવાવાળા, ન્યુ રાણીપ શ્રી નરનારાયણદેવે સંકલ્પ પૂર્ણ કર્યો તે નિમિત્તે. |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## વાત છે વિવેકની

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

‘‘વિવેક એ દસમો નિધિ છે’’ આ વાક્ય તો આપણે ઘણીવાર સાંભળ્યું હશે, ક્યાંક સુવાક્યોમાં પણ વાંચ્યુ પણ હશે. બ્રહ્માજીએ નવનિધિ તો કુબેરભંડારીને આપ્યા. નિધિ એટલે તિજોરી. જેમાં તેઓએ સોનું, હિરા-માણેક આદિ દ્રવ્ય ભરી નિર્ભયતા પ્રાપ્ત કરી પણ આ દસમો નિધિ ‘‘વિવેક’’ પૃથ્વી પરના માનવીને આપ્યો. તેમાં આશય એ હતો કે આ નિધિમાં માનવજાત પોતાના તમામ સદ્‌ગુણોને સાચવી શકે. અને આપણે એ જોઈ શકીએ છીએ કે જેની પાસે આ વિવેકરૂપ નિધિ નથી તેવા લોકો પાસે બીજા સદ્‌ગુણો પણ નહિવત રહે છે.

સંતો, શાસ્ત્રો બધા પ્રથમ વિવેકની જ વાત કરે છે. તેનું કારણ એ જ છે કે તમારે ગાડી લેવી હોય તો તેને રાખવાની જગ્યાનો પણ પહેલેથી વિચાર કરવો જ પડે. તો ગાડી સચવાઈને રહી શકે. તેમ પ્રાપ્ત કરેલ સદ્‌ગુણોને રાખવા માટે પ્રથમ વિવેકરૂપ નિધિ (તિજોરી)ની વ્યવસ્થા જો ન હોય તો પ્રાપ્ત કરેલા સદ્‌ગુણોને લાંબો સમય સુધી સાચવી શકાતા નથી.

આપણા ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને પોતાના ભક્તજનો સુખી થાય તેના માટે જ શિક્ષાપત્રીની રચના સ્વહસ્તે કરી આપણને નાની પુસ્તિકામાં વિવેકનો સાગર સમાવી આપ્યો છે. વચનામૃતમાં પણ ઠેકઠેકાણે જે આજ્ઞાઓ કરી છે તે પણ વિવેકની પુષ્ટિ થાય તેના માટે જ છે. વિવેકની પ્રાપ્તિ થવી કે અવિવેકની તેનો મુખ્ય આધાર આપણી આસપાસનું કેવું વાતાવરણ છે. આપણને કોની પ્રત્યે હેતભાવ છે તે ઉપર છે. બાળક નાનું હોય ત્યારે તેના માનસપર ઉપર કૌટુમ્બિક વાતાવરણની પૂરતી અસર હોય છે. પછી વિદ્યાભ્યાસની શરૂઆત થાય ત્યારથી શાળા, શિક્ષકો તેમજ સહઅભ્યાસી મિત્રોની વર્તણુંકની અસર પણ મોટો ભાગ ભજવે છે. આ બે સ્થાન એવા છે કે તે દ્વારા માનવ જીવનમાં વિવેક-અવિવેકની જે રોપણી થાય તે આખા જીવન સુખી ટકી રહે છે. સંગ-સોબત પ્રમાણે તેમાં વધારો-ઘટાડો થયા કરે છે. પણ એક વાત ચોક્કસ છે કે વિવેકનો મહાસ્રોત જો ક્યાંયથી પ્રાપ્ત થતો હોય તો તે સત્સંગ છે. અને સત્સંગની પ્રાપ્તિ જેના પર ભગવાનની કૃપા હોય તેજ પામી શકે છે.

**‘‘બિનુ સત્સંગ વિવેક ન હોઈ**
**રામકૃપા બિના સુલભ ન સોઈ.’’**

જેમાંથી ચિરકાળ સુધી વિવેકની પ્રાપ્તિ થાય છે. તેવી બે જગ્યા - કૌટુંબિક વાતાવરણ અને શિક્ષણ આ બંને એટલે કે કુટુંબમાં માતા-પિતા, વડીલો અને શિક્ષણમાં શિક્ષાગુરૂઓ દ્વારા આપવામાં આવેલા સંસ્કારની છાપ સીધી કે આડકતરી રીતે બાળક અને વિદ્યાભ્યાસીના માનસપટમાં પડે જ છે. કારણ કે હંમેશા વાણી કરતાં વર્તણુંકની અસર વધુ બળવાન અને ચિરસ્થાયી રહે છે. આચરણ વિનાની પ્રેરક વાણીથી ઉત્તેજન મળે તો ખરૂં પણ તે લાંબા સમય સુધી અસર કરી શકતું નથી.

એક રાજાના રાજ્યની પ્રજામાં અંદરો અંદર ખૂબ કલહ ચાલ્યા કરે. રાજાએ કલહ દૂર કરવા ઘણા પ્રયત્નો કર્યા પણ સફળતા નહોતી મળતી. રાજ્યગુરૂએ સલાહ આપી કે - નાના બાળકોને ગળથુંથીમાં જ જો વિવેકનું શિક્ષણ આપવામાં આવે તો ભવિષ્યમાં રાજ્યભરમાં શાંતિની સ્થાપના થઈ શકે. આવા પવિત્ર ઉદ્દેશથી રાજ્યમાં ‘‘વિવેક વિદ્યાલયની’’ સ્થાપના થઈ. બહુ વિદ્વાન એવા પંડિતોને શિક્ષક તરીકે નિમાયા. વિદ્યાલયની દિવાલો પર વિવેકને પોષણ આપી શકે તેવા સુત્રવાક્યો મુકાયા. પંડિત શિક્ષકો વિદ્યાર્થીઓને વિવેકના પાઠ ભણાવવા લાગ્યા. થોડો સમય તો સારૂં ચાલ્યું પણ પાંચેક વર્ષ પુરા થતા બાળકોમાં અવિવેકનું પ્રમાણ વધવા લાગ્યું. રાજાને મુંઝવણ થઈ. અને એણે તો

તપાસ ચાલુ કરી. તપાસ કરતાં ખબર પડી કે જે શિક્ષકો વિવેકના પાઠ ભણાવે છે તેમના વર્તનમાં ક્યાંય વિવેક નથી તેથી વાણીથી આપેલા વિવેકના ઉપદેશની અસર બાળકોમાંથી દૂર થઈ ગઈ છે.

કોઈપણ વ્યક્તિને ઉપદેશ કરતા આચરણ જોવાથી અસર વધુ થાય છે. માટે જેણે વિવેકને આચરણમાં ઉતાર્યો હોય તેવા સંતપુરૂષોનો સંગ કરે તેનામાં જ વિવેક સ્થિર થાય છે. સદ્‌ગુણ માત્રનું નિવાસ સ્થાન વિવેક છે. તો જેનામાં વિવેક ન હોય તેમાં સદ્‌ગુણો કાયમ કેવી રીતે રહી શકે !!!

સજ્જનો ! આપણે ભાગ્યશાળી છીએ કે આપણને આવો પવિત્ર સત્સંગ મળ્યો છે. આપણા નંદ સંતોએ તથા સત્સંગે આપણને વિવેકના સાગર જેવા સત્તશાસ્ત્રોના ખજાનાનો અમૂલ્ય વારસો આપ્યો છે. તો જો તમે આવનારી પેઢીમાં પણ વિવેકરૂપ નિધિમાં સદ્‌ગુણો જળવાય તેવું ઈચ્છતા હોય તો બાળકોને પણ સત્સંગનો યોગ પ્રાપ્ત કરાવવો તે આપણું કર્તવ્ય છે.

●

**આ કાર્ય તો આશીર્વાદથી થયું**

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

ભગવદ્‌ કૃપાએ આપણામાં વિનય, નમ્રતા, નિષ્કામ, સેવા, પરોપકાર, ત્યાગ આદિ ગુણો હોય પણ જો પોતાનાં મુખે એની પ્રશંસા કરવા લાગે તો એ ગુણો દોષરૂપ બની જાય છે. કારણ કે આત્મ પ્રશંસા એ અધોગતિનું પ્રથમ પગથીયું છે. પોતાનામાં ગુણો હોય, પોતે કાંઈ સારૂં કાર્ય કર્યું હોય છતાં પણ તેનો યશ બીજાને આપવો એ કામ જે વિનયી અને વિનમ્ર વ્યક્તિ હોય તે જ કરી શકે. બધા માટે એ શક્ય બનતું નથી.

આજના યુગમાં જ્યાં ને ત્યાં પોતાની મોટાઈની જાહેરાતો કરાય છે. પણ કાર્ય સિધ્ધિના અંતે અતિ જરૂરી એવી નમ્રતા અને વિનય ભૂલાઈ જાય છે. આગળ વાંચ્યું તેમ ગમે તેવું સારૂં કાર્ય કર્યું હોય પણ તેની યશોગાથા સ્વમુખે શોભતી નથી. એટલે તો આપણા ઈષ્ટદેવે શિક્ષાપત્રીમાં ચોખ્ખી ના પાડી છે કે - ''પોતાના મુખે કરીને પોતાના વખાણ ન

આ વાતને વિગતે સમજવા રામાયણ પ્રસંગનું આ દ્રષ્ટાંત ખૂબ જ ઉપયોગી બની શકશે. આ વાત સમજવા, વિચારવા અને આચરવા યોગ્ય છે. માટે ખૂબજ ધ્યાનથી વાંચજો.

વાત એમ છે - જ્યારે શ્રી રામ ભગવાનના હાથે રાવણનું મૃત્યુ થયું. લંકાના કાંગરે શ્રી રામ ભગવાનનો વિજય ધ્વજ લહેરાયો. સર્વત્ર જયજયકાર થવા લાગ્યો. પછી સીતાજીની સાથે ભગવાન શ્રીરામ તથા અન્ય સેવકો પૂષ્પક-વિમાનમાં અયોધ્યા પધાર્યા. અયોધ્યાની પ્રજાએ અનેરૂં સ્વાગત કરી અનેક વિજયમાળાઓ ભગવાન શ્રીરામનાં કંઠમાં અર્પણ કરી. ભગવાન શ્રીરામજીનો રાજ્યાભિષેક થયો પણ માતા કૌશલ્યાજીના મનમાં એક બાબત સતત મુંઝવ્યા કરે છે -મારા પુત્ર રામ અને લક્ષ્મણ તો સાવ નાના છે. એમના શરીર સુકોમળ છે. જ્યારે રાવણ તો ભયંકર મોટો રાક્ષસ, એની સાથેના દારૂણ સંગ્રામમાં આ સુકુમારોએ કેવી રીતે વિજય મેળવ્યો હશે !! આ વાતનો માતાના મનમાં વારંવાર વિચાર આવવા લાગ્યો.

**''હદય વિચારહી બાર હિ બારા,**
**કવન ભાંતિ લંકાપતિ મારા,**
**અતિ સુકુમાર જુગલ મેરે બારે,**
**નિશિચર સુભટ મહાબલ મારે.''**

એક દિવસ તો માતાજીએ આ વિચાર શ્રીરામ પ્રભુ આગળ રજૂ કરી જ દીધો. માતાએ ભગવાન શ્રીરામને પૂછ્યું. પુત્ર ! તમે નાના અને સુકુમાર તથા કોમળ શરીરધારી છો તો રાવણ જેવા ભયંકર રાક્ષસને તમે કેવી રીતે મારી શક્યા ? આવું કોઈ સાહસનું કાર્ય આપણા દ્વારા થયું હોય અને કોઈ આવો પ્રશ્ન પૂછે ત્યારે આપણો જવાબ શું હોવો જોઈએ તે બાબત આપણને આ જવાબ ઉપરથી જાણવા મળશે.

તમે ધારી શકો કે ભગવાન શ્રીરામજીએ માતાને શું જવાબ આપ્યો હશે ? આટલો મોટો લંકા વિજયનો ઉત્સવ ઉજવાય છે. આખા દેશની પ્રજાના મુખે ભગવાન શ્રીરામની કીર્તિગાથા ગવાઈ રહી છે, તમામ પ્રજાના મુખ પર પ્રભુ શ્રીરામજીનો

જયજયકાર થાય છે. આવા સમયે માતાએ પૂછેલા પ્રશ્નનો પ્રભુ શ્રીરામજીએ શું જવાબ આપ્યો હશે !!

પ્રભુ શ્રીરામજી કહે છે -

**"ગુરૂ વશિષ્ટ કુલ પૂજ્ય હમારે,**
**ઈનકી કૃપા દનુજ રન મારે."**

માતાજી ! આપણા કુલગુરૂ શ્રી વશિષ્ટજીની કૃપાથી અમે રાવણ જેવા રાક્ષસોને મારી શક્યા છીએ. કેટલો વિનય ! કેટલી વિનમ્રતા ! પોતે કરેલા કાર્યનો યશ પોતાના કુલગુરૂ વશિષ્ઠ મુનિને પ્રભુ શ્રીરામજીએ આપ્યો.

મિત્રો ! શ્રીરામ પ્રભુના આ જવાબમાંથી આપણને શું શિખવા મળ્યું ? આપણે કાંઈ સારૂ કામ કર્યું હોય અને માતા-પિતા કે વડિલો દ્વારા આપણને જો આવો પ્રશ્ન પૂછવામાં આવે તો આપણો જવાબ કેવો હોવો જોઈએ. તેના પર વિચાર કરી પ્રભુ શ્રીરામચંદ્રજીના આ જવાબમાંથી કાંઈક ઉપદેશ ગ્રહણ કરીને જીવનમાં નમ્રતા અને વિનય જેવા સદ્‌ગુણોને ઉતારીએ તો !! જો જીવનમાં અપનાવીએ તો સદ્‌ગુણોનો તમામ ખજાનો આપોઆપ પ્રાપ્ત થાય.

આપણા હાથે થોડું પણ શુભ કાર્ય થાય ત્યારે આપણો જવાબ આવો હોવો જોઈએ કે પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રી અને સંતોના આશીર્વાદથી આ કાર્ય થયું છે. આવી નમ્રતાથી કાયમ આશીર્વાદ મળતા રહે અને જીંદગીમાં શુભકાર્યો થતાં રહે.

**નીચેના આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરોમાં નવા મહંત સ્વામીની નિયુક્તિ કરવામાં આવી છે.**

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબી** (નવું અને જુનું મંદિર) : સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજી ગુરુ સ.ગુ. શા.સ્વામી ભક્તિહરિદાસજી અને સ.ગુ. શાસ્ત્રી સ્વામી વિશ્વવિહારીદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વામી ભક્તિહરિદાસજી (મૂળી - હાલ રણજીતગઢ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાવળા :** સ.ગુ. મહંત સ્વામી ધર્મસુતપ્રિયદાસજી ગુરુ સ.ગુ. ધ્યાની સ્વામી હરિસ્વરૂપદાસજી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા :** સ.ગુ. શાસ્ત્રી સ્વામી નંદકિશોરદાસજી ગુરુ સ.ગુ. સ્વામી.

**શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વાર :** સ.ગુ. સ્વામી મુકુન્દપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વામી રાધાકૃષ્ણદાસજી (મૂળીવાળા)

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે**
**લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**

**મોબાઈલથી પાડેલા ફોટા છપાશે નહિ**

**સં. ૨૦૭૧-૭૨ ના વર્ષમાં ચોમાસામાં ગામડાઓમાં કથા કરવા ગયેલ સંતોની યાદીમાં વિરમગામ દેશમાં સુધારો**

**વિરમગામ દેશમાં શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ શા. સ્વામી નરનારાયણદાસજી જેતલપુરનું મંડળ**





श्री स्वामिनारायण मंदिर जयपुर

100

शताब्दी महोत्सव

16-18 अगस्त 2015















શ્રી સ્વામિનારાયણ મંદિર, જયપુરના શતાબ્દી મહોત્સવ પ્રસંગની તસવીરો...

સૌજન્ય

પ.ભ.નરેન્દ્રભાઈ અમૃતભાઈ પટેલ હ.વિનય
પ.ભ.મનુભાઈ બાપુલાલ પટેલ હ.હરિકૃષ્ણ
પ.ભ.મનુભાઈ મૂળચંદભાઈ પટેલ હ.સત્યમ
પ.ભ.સુભાષભાઈ અંબાલાલ પટેલ હ.અક્ષય
પ.ભ.ઠાકોરભાઈ સોમચંદભાઈ પટેલ
હ.ઘનશ્યામભાઈ











# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી)**
**"અષાઢ સુદ નિયમની એકાદશી" (એકાદશી સત્સંગ સભા પ્રસંગે કાલુપુર મંદિર-હવેલી)**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

અષાઢ સુદ એકાદશીથી પવિત્ર ચાતુર્માસની શરૂઆત થાય છે. અને ભગવાન શયન કરે છે. શંખાસુરનો વધ કર્યા પછી વિષ્ણુ ભગવાન ક્ષીર-સાગરમાં શેષનાગ ઉપર ચાર માસ માટે સૂઈ જાય છે. સૂઈ જવાનું, ખાવાનું એ બધી માણસની ક્રિયા છે. ખરેખર ભગવાન સૂઈ જાય તો સૃષ્ટિનું શું થાય ? તો ભગવાન એ સમય દરમ્યાન માત્ર યોગ નિંદ્રામાં હોય છે. યોગનિંદ્રા એ ભગવાનનું જાગતા જાગતા સૂવાનું પ્રતિક છે. (પ.પૂ. ગાદીવાળાશ્રીને એક વખત એક ગામડાના ભોળા બ્હેને ખૂબ દુઃખ સાથે ફોન કરીને પૂછ્યું કે, બધા કહે છે કે ચાર્તુમાસમાં ભગવાન સૂઈ જાય છે. તો મારા પિતા બિમાર છે. તો એમનું મૃત્ય થશે તો શું થશે ? ભગવાન લેવા માટે નહિ આવે ?

પ.પૂ. ગાદીવાળાશ્રીએ કહ્યું, એવું ન હોય, જેમ માતાને બાળકની ચિંતા હોય છે તેમ ભગવાનને આપણી ચિંતા હોય છે. ભગવાન ખરેખર સૂતા નથી. જેમ દીકરા-દીકરી નાના હોય છે ત્યારે માતાને ક્યારેય પણ ગાઢ નિંદ્રા આવતી નથી. બાળક એક વખત રડે તો માતા તરત જાગી જાય છે. બાળક રડે તો કોઈને ન સંભળાય પણ માતાને તરત જ સંભળાય છે. અને જાણી જાય છે. તેમ ભગવાન પણ યોગનિંદ્રામાં હોય છે. આપણે બૂમ પાડીએ તો તરત સાંભળે છે. પરંતુ તે પોકાર સાચો હોવો જોઈએ. માટે ભગવાન જાગી જશે તમે ચિંતા ન કરશો.)

ચાતુર્માસમાં વિશેષ ભક્તિ કરવાનો અર્થ એ છે કે વિદ્યાર્થી સ્કુલમાં શિક્ષક સામે હોય ત્યારે સરસ ભણે છે અને શિક્ષક બહાર જાય એટલે તરત વાતો ચાલું થઈ જાય છે. ઓફિસમાં પણ આવું જ થતું હોય છે. ઓફિસમાં આપણે કંપનીના માલિકની ગેરહાજરીમાં પણ જ્યારે ઉત્તમ કામ કરીએ તો માલિક આપણા પર વિશેષ રાજી થાય છે. તેમ અહીંયા પણ ભગવાન ચાર મહિના માટે જ્યારે ન જોતા હોય ત્યારે વિશેષ ભક્તિ કરીને ભગવાનને રાજી કરવાના અને ભગવાન જાગૃત થાય ત્યારે તેમના ચરણોમાં કરેલી ભક્તિને સમર્પણ કરીએ તેના થકી આપણા શરીરનું પણ સારૂ થાય છે. જેવી રીતે માનવ સૃષ્ટિ છે તેવી રીતે દેવ સૃષ્ટિ પણ છે. અગ્નિદેવ, વરૂણદેવ, વાયુદેવ આ બધા દેવ સૃષ્ટિમાં આવે છે. તો દેવ સૃષ્ટિ આ સંસાર સાગરમાં રહેવાની જગ્યા શોધતા હતા તો ક્યાંય રહેવાની જગ્યા ન હોતી. તો પ્રથમ તેમને રહેવા માટે 'ગાય' અને 'અશ્વ' બતાવ્યા દેવતાઓને ત્યાં રહેવાનું ગમ્યું નહિ. પછી ભગવાને માનવ શરીરને બતાવ્યુ તો તેમાં રહેવાનું ગમી ગયું. રહેવાની જગ્યા મળી ગઈ. દેવતા રાજી થઈ ગયા. બધા દેવતાઓએ માનવ શરીરમાં પોતપોતાની જગ્યા શોધી લીધી. તો દેવતાઓની શક્તિ એ આપણી ઉર્જા છે. વાક્ (વાણી) વાણીના દેવતા અગ્નિદેવ છે. ત્વક્ (ચામડી) ચામડીના દેવતા વાયુદેવ છે. રસના (જીભ) રસના ઈન્દ્રિયોના દેવતા વરૂણદેવ છે. ચંદ્ર દેવતા મનમાં રહ્યા છે. આમ દસ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણ એમ મળીને ચૌદના દેવતા અલગ-અલગ છે. માનવ શરીરની શક્તિઓની તુલના દેવતાઓની જોડે કરવામાં આવે છે. જેના કારણે મનુષ્ય પોતાને મળેલી ઊર્જાનો દૂરપયોગ ન કરે અને જેમ દેવ સૃષ્ટિ આપણી અંદર છે તેવી રીતે પરમાત્મા આપણી અંદર છે. અને આ ચાતુર્માસના વ્રત ઉપવાસ છે તે જીવ વિજ્ઞાન છે. આખું શરીર શાસ્ત્ર છે. આ સમયમાં શરીર બિમાર રહે છે. ખાધેલું પચતુ નથી. ભગવાને કેટલી બધી દયા કરી છે. આપણું શરીર સારૂ રહે તે માટે બધા નિયમો બતાવ્યા છે. આપણું કેટલુ બધુ ધ્યાન રાખે છે. મારા

ભક્ત બિમાર ન પડે માટે બધુ કહીને ગયા છે. આપણે તો માત્ર તેનું પાલન કરવાનું છે. તો આપણે વિચાર કરવાનો છે કે દિવસના (૨૪ કલાકના) ૮૬,૪૦૦ સેંકડ થાય છે. તેમાં આપણે કેટલી સેંકડ ભગવાનને ધન્યવાદ આપવા માટે વાપરીએ છીએ. કોઈની નિંદા કરવા બેસીએ તો કેટલી બધી સેંકડો બગાડીએ છીએ, તો વ્યર્થ સમય નહિ ગુમાવવાનો અને કાયમ માટે ગરીબની મદદ કરવાની. એક ધનવાન માણસ હોય ગાડીમાં જતા હોય છે. રોડ ઉપર એક નાની છોકરી ભીખ માગતી હતી તેને જોઈને દુઃખ થયું. ઘેર જઈને જમવા બેઠા તો આખું ટેબલ ભરેલું હતું તો પણ ખાવાનું ગમ્યું નહિ. અને પછી સૂઈ ગયા. સ્વપ્ન આવ્યું તો સ્વપ્નમાં તેને એમ થયું કે કેવી વિષમતા છે ? મારા માટે આખું ટેલબ ભરેલું છે. અને ત્યાં ગરીબ છોકરી પાસે ટુકડો રોટલો પણ નથી તો આવા લોકો માટે શું ? તો ભગવાને સ્વપ્નમાં કીધુ કે આવા લોકોને માટે મેં તમારા જેવા લોકો બનાવ્યા છે. તો આપણે કુદરતી સંકેત સમજવાનો છે કે આપણી પાસે છે તો આપણે કાંઈ જ લઈને નહોતા આવ્યા. ભગવાને આપ્યું છે તો ભગવાન પાસેથી જે મળે છે તે પ્રસાદી હોય છે. તો પ્રસાદી એકલા ખવાતી નથી વહેંચીને ખાવી જોઈએ.

અને ચાતુર્માસમાં બધાએ ખાસ નિયમ એ લેવાનું કે ઘરના બધા સભ્યોએ ભેગા મળીને દરરોજ શાસ્ત્ર વાંચવાનું. એ નિમિત્તે બધાને જોડે બેસવાનો મોકો મળશે અને ભગવાનનું નામ સાથે લેવાશે તો ખૂબ ઉત્તમ રહેશે. જોડે બેસીને ભજન કરવાનો મહિમા પણ ખૂબ છે. સંપ પણ વધશે. જોડે બેસીને ભગવાનની વાતો થશે. તો અંતરમાં મહિમા પણ વધશે. અને ઘરના વાતાવરણમાં પણ ઘણો બધો ફેર પડી જશે.

●

**નમ્રતા**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

નમ્રતા આપણા જીવનનું ઘેરણું છે. નમ્રતા એટલે અહંભાવનો ક્ષય. આપણા અહંકારને કારણે આપણા દોષો કે ભૂલો આપણને દેખાતા નથી. નમ્રતા રૂપી સદ્ગુણ આપણી ભૂલો કે દોષોનું દર્શન કરાવે છે. પાષાણ હૃદયના માનવીને પણ પીગળાવી દેવાનો ગુણ નમ્રતામાં છે. મહાપુરુષો નમ્રતાને કારણે જ મહાન પદને પહોંચી શક્યા છે. મનુષ્યને સુધરવાની શક્તિ નમ્રતામાંથી આવે છે. ‘‘નમ્યા તે સૌને ગમ્યા.’’ નમ્રતાએ પ્રગતિનો પાયો છે. નમ્રતા એ ઉમદા સદ્ગુણ છે. નમ્રતા એ મૂડી છે. જેમ જેમ વપરાતી જાય તેમ તેમ વધતી જાય છે. અહં કરતાં નમ્રતા મહાન છે. દાની, જ્ઞાની, ત્યાગી, વૈરાગી આ બધા મહાપુરુષોની મહાનતા પાછળ નમ્રતા રહેલી છે. નમ્રતા પથ્થર જેવા હૃદયમાં માનવીને મીણ જેવો નમ્ર બનાવે છે.

મુક્તાનંદ સ્વામીની નમ્રતાને કારણે જોબન બહારવટિયો ભક્ત થયો. બુધ્ધની નમ્રતાને કારણે અંગુલીમાલ ડાકુ બૌદ્ધ ભિક્ષુક બન્યો. બ્રહ્મર્ષી વસિષ્ઠ રાજર્ષિ વિશ્વામિત્રને ક્ષમા કરીને બ્રહ્મર્ષિ બની શક્યા હતા.

આપણા ધર્મગ્રંથોનો એક મૂળમંત્ર છે. જે નમ્ર બનીને ઝુકે છે તેજ ઉન્નતિ કરી શકે છે.નમ્રતા મનુષ્યના વ્યક્તિત્વનું આભૂષણ છે. એના માધ્યમથી આપણું વ્યક્તિત્વ સુંદર બને છે. નમ્રતાને લીધે જ સફળતા ને સન્માન મળે છે. નમ્રતાને લીધે જ આપણે બીજા સાથે સંબંધો જોડી શકીએ છીએ. ભારતીય સંસ્કૃતિમાં નમ્રતાને વ્યક્ત કરવા માટે પ્રણામ તથા અભિવાદન કરવાની પરંપરા છે. મોટાઓ આગળ ઝુકીને, પગે લાગીને આશીર્વાદ લેવાનો રિવાજ છે. આપણા જીવનમાં નમ્રતા ટકી રહે એટલા માટે પ્રાર્થના અને સ્તુતિ કરવામાં આવે છે. બીજાની સેવા, મદદ તથા દાન પુણ્ય કરવામાં આવે છે. આ બધાથી આપણા મનમાં રહેલો અહંકાર ઓગળી જાય છે અને મન સ્વચ્છ બને છે. આપણે વધારે વિનમ્ર બની શકીએ છીએ. મનની કોમળતા અને વ્યવહારમાં નમ્રતા એક જબરદસ્ત શક્તિ છે. કોમળતા હંમેશા જીવતી રહે છે. જ્યારે કઠોરતાનો જલદી વિનાશ થઈ જાય છે. તલવાર કઠોરથી કઠોર પદાર્થને કાપી નાખે છે. પરંતુ કેટલાક કઠોર પદાર્થને કાપવાની તાકાત એમાં હોતી નથી.

એકવાર બાબા ફરીદને મળવા માટે એક રાજા આવ્યો. એ બહુ અહંકારી હતો. એ બાબાને ભેટ આપવા માટે એક સુંદર તલવાર લાવ્યો હતો. એણે બાબાને કહ્યું, ‘‘આ ભેટ તમારા માટે છે.’’ ભેટ જોઈને બાબાએ કહ્યું, ‘‘રાજન, હું

તમારો આભારી છું કે તમે મારા માટે બહુ કિંમતી તલવાર લાવ્યા. પરંતુ મારા માટે એ કોઈ કામની નથી. મને જો તમારે કશુંક આપવું હોય તો સોયની સાથે વિનમ્રતાની ભેટ આપો. આ બન્ને મારા માટે આવી તલવારોથી પણ વધારે કિંમતી હશે. એમ હું માનું છું.''

રાજાને બાબા ફરીદ પાસેથી આવા જવાબની આશા ન હોતી. રાજા તો બાબા ફરીદની વાત સાંભળીને અવાક્ બની ગયો. ને બોલ્યો બાબા, નાની સોય અને નમ્રતા આવી સો તલવારોનો સામનો કેવી રીતે કરી શકે ? બાબાએ કહ્યું, ''એક મોંઘીદાટ તલવાર ફક્ત લોકોને કાપવાનું કામ કરે છે, જ્યારે એક નાની સોય વસ્તુને જોડવાનું કામ કરે છે. તોડવું સહેલું છે. પણ જોડવું મુશ્કેલ છે.'' આ છે નમ્રતાનો મહિમા.

મહાભારતના યુધ્ધ પછી ધર્મરાજા યુધિષ્ઠિર ભીષ્મ પિતામહની પાસે ગયા. તેઓ બાણશૈયા ઉપર સૂતા હતા. યુધિષ્ઠિરે વિનમ્રતાપૂર્વક એમને ધર્મ ઉપદેશ આપવા વિનંતી કરી. ભીષ્મ પિતામહે કહ્યું કે નદી સમુદ્ર સુધી પહોંચે છે. તે પોતાની સાથે પાણી ઉપરાતં મોટા મોટા વૃક્ષો પણ લઈ જાય છે. એક દિવસ સમુદ્ર એ નદીને પૂછ્યું કે, તું મોટા મોટા વૃક્ષોને તારી સાથે લઈ આવે છે. પરંતુ કોમળ વેલા અને નાના નાના છોડને તારી સાથે કેમ નથી લાવતી ? ત્યારે નદી બોલી કે જ્યારે પ્રવાહ તેજ બને છે ત્યારે વેલા ઝુકી જાય છે. અને પાણીને રસ્તો આપી દે છે એટલે તે બચી જાય છે. જ્યારે વૃક્ષો છાતી તાણીને ઉભા રહે છે. એટલે એમનું અસ્તિત્વ ગુમાવી દે છે. ભીષ્મે કહ્યું કે યુધિષ્ઠિર, એવી જ રીતે જે મનુષ્ય જીવનમાં વિનમ્ર રહે છે એમનું અસ્તિત્વ ક્યારેય નાશ થતું નથી. વિનમ્રતાના અભાવને લીધે ઘરમાં કે કાર્યાલયમાં હમેંશા પરેશાનીઓ ભોગવે છે. નમ્રતાથી વ્યક્તિને શાંતિ, સહનશીલતા, શક્તિ અને ઉર્જા પ્રાપ્ત થાય છે. નમ્રતા પથ્થર જેવા માનવીને પણ માખણ જેવા નરમ બનાવી દે છે. વિનમ્ર વ્યક્તિની સામે કઠોર હૃદયવાળી વ્યક્તિઓ પણ ઝુકી જાય છે. જે વિનમ્ર હોય છે તે દરેક જગ્યાએ સન્માન મેળવે છે.

બધી આંગળીઓ સમાન હોતી નથી. પણ જ્યારે હથેળીમાં વળે છે ત્યારે સમાન અને સુંદર લાગે છે. તેવી રીતે જીવનની તમામ પરિસ્થિતિમાં જો આપણે નમ્ર બનીને રહેશું તો જીવન સુંદર જીવી શકીશું. બત્રીસ દાંત વચ્ચે જીભ વિનમ્ર થઈને રહે છે એટલે જ તે દાંતની ઝપટમાં નથી આવતી. દાંત તો મોડા આવે છે અને વહેલા જતા રહે છે. જ્યારે જીભ શરીરની સાથે જ આવે છે. ને દેહાંત સુધી સાથે જ રહે છે.

વસંતઋતુમાં આંબાને કેરી આવવાથી વૃક્ષો નમે છે. વાદળામાં પાણી ભરાય ત્યારે તે ધરતી તરફ નમે છે. વીજળી થાય ત્યારે તેજના લીસોટા નીચે પૃથ્વી તરફ આવે છે. સંપત્તિ મળતા સજ્જન નમ્ર બને છે. નમ્રતા સામે કોઈ સત્તા કે સંપત્તિ ટકી શકતા નથી. અહમ્ કરતા નમ્રતા મહાન છે.

શ્રીજી મહારાજ એક વખત જાળિયા ગામે શેઠ હીરાભાઈને ત્યાં પધાર્યા. શ્રીજી મહારાજની સાથે થોડા સંતો અને હરિભક્તો હતા. ત્યાં સૌએ ઠાકોર જમાડ્યા. પછી રાત્રિની સભાની તૈયારી થવા લાગી. તેવામાં ગામનો વાળંદ આવ્યો અને હીરા શેઠને કહેવા લાગ્યો, ''હું તમારા સ્વામિનારાયણની આગળ મશાલ ઝાલીશ નહીં. કારણ કે અમારી નાતવાળાએ પ્રતિબંધ મૂક્યો છે.'' આ વાત થતી હતી ત્યારે ઝીણાભાઈ બાજુમાં ઉભા હતા. તેમણે હીરા શેઠને કહ્યું, ''મશાલ હું ઝાલીને ઉભો રહીશ. ''ચિંતા કરશો નહિ.'' હીરાશેઠ કહે, ''નારે ના તમે તો પંચાળાના દરબાર કહેવાઓ તમારાથી મશાલ ઝલાય ? હું પોતે ઝાલીને ઉભો રહીશ.'' ત્યારે ઝીણાભાઈએ કહ્યું, ''દરબાર તો હું માત્ર પંચાળાનો છું. મારે જેની મશાલ ઝાલવાની છે તે શ્રીજી મહારાજ કેવા છે એની તમને ખબર છે ? અનંત કોટી બ્રહ્માંડોના રાજાધિરાજ છે. બ્રહ્માથી અક્ષર પર્યંત જેની ચરણરજ માથે ચડાવે છે. એવા ધણીની મશાલ મને ઉપાડવા મળે એવા મારા ભાગ્ય ક્યાંથી ?

''નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો, ભવ બ્રહ્મા જેવાને મળતી નથી. માટે સત્તા નમ્રતાથી શોભે છે. શ્રીમંતાઈ વિવેકથી શોભે છે. નમ્રતા આપણા જીવનનું ઘરેણું છે. નમ્રતા હોવી એ મહાપુરુષ થવાની પહેલી નિશાની છે. બીજાને મોટા અને પ્રથમ કક્ષાના ગણવા એ નમ્રતાનું પ્રથમ સોપાન છે.

●

## તારા મુખની લાવણતા મીઠી રે

- વીણાબેન નરેન્દ્રભાઈ ઠક્કર (બોપલ)

श्रवणं मङ्गलं यश्य कीर्तन यस्य मङ्गलम् ।
स्मरणं मङ्गलं यस्य सहरि मङ्गलं क्रियात् ॥

આપણા ઉદ્ધવ સંપ્રદાયમાં સૌ પ્રથમ શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા સંવત ૧૯૪૨ માં (૧૨૬ વર્ષ) અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનું નિવાસ સ્થાન ''રંગમહોલ'' માં વડનગરના ખ્યાતનામ પવિત્ર શિલ્પકાર શ્રી લલ્લુભાઈ મિસ્ત્રીએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રીની આશીર્વાદ-ઉપસ્થિતિમાં કાષ્ટની આબેહૂબ શ્રીહરિના સ્વરૂપની પ્રતિકૃતિ તૈયાર કરી. ત્યાર પછી અન્ય મંદિરોમાં પણ આવા અલબેલા શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ કાષ્ટ - મારબલ - પંચધાતુની બનાવવામાં આવી અને પ્રતિષ્ઠા કરવામાં આવી.

અક્ષરધામમાં બિરાજમાન શ્રીજી મહારાજના સ્વરૂપના દર્શન રંગમહોલમાં વિરાજમાન શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિમાં અચૂક થાય છે. સદાસત્ય-સદા દ્વિભુજ સદા સાકાર મંદ મંદ હાસ્ય કરતા દિવ્ય મનુષાકૃતિ ધારણ કરેલ શ્રીઘનશ્યામ મહારાજ જમણા હસ્ત વડે અંકુશ મુદ્રા ને ધારણ કરેલા છે. આ અંકુશ મુદ્રા એમ વ્યક્ત કરે છે કે ''હું સર્વનો નિયામક સર્વોપરિ સર્વનો આધાર પરમ પરમાત્મા છું. મારાથી કોઈ પર નથી. આમાં નિયામક પદનું દર્શન કરાવે છે.''

મહારાજના ડાબા હસ્ત દ્વારા અભયદાન (વરદાન)ની મુદ્રાનું દર્શન થાય છે. આ વરદાન પોતાના આશ્રિતો તથા દર્શનાર્થીને નિર્ભયતાનું વચન આપે છે. જે જે મહારાજના શરણે આવે છે તેને કાળ-કર્મ-માયા થકી રક્ષણ કરે છે. પાલન-પોષણ કરે છે.

આવા શ્રી ઘનશ્યામ મહારાજની મૂર્તિ ચિંતામણી તુલ્ય છે. જે આશ્રિત ધર્મ-ભક્તિ-જ્ઞાન-વૈરાગ્ય ને માર્ગે ચાલે તેના ઉપર મહારાજ ખૂબજ રાજી થાય છે. કૌશલ દેશમાં જન્મ ધરીને આપણા માટે આ દેશમાં પધાર્યા. અને તેમણે ટાઢ-તડકો આદિક કેટલાય સંકટો વેઠ્યા. દુષ્ટ-અસુરોએ અનેક પ્રકારના ઉપદ્રવ કર્યા. એ સઘળું પોતાના ભક્તજનોને માટે ખૂબ સહન કર્યું. આવા મહારાજ આપણને મલ્યા છે. તેમનો ઉપકાર આપણે ક્યારેય ભૂલવો જોઈએ નહીં.

આ માટે આપણે મહારાજને મન-કર્મ-વચનથી એટલું તો જરૂરથી કહેવું જોઈએ કે, હે હરિકૃષ્ણ ! મુક્તાનંદ સ્વામી તથા બ્રહ્માનંદ સ્વામીના જેવી સત્સંગની સમજણ મને આપો. હે ઘનશ્યામ ! મૂળજી બ્રહ્મચારી અને વાસુદેવાનંદ બ્રહ્મચારીના જેવું નિષ્કામપણું મન આપો. હે નિલકંઠવર્ણી ! સદ્‌ગુરુશ્રી નિષ્કુળાનંદ સ્વામી તથા સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી જેવો વૈરાગ્ય આપો. હે સરજુદાસ ! મને તમારા ભક્તો નો અખંડ સમાગમ આપો. હે નારાયણ મુનિ ! મને જાગૃત અને સ્વપ્નમાં નિરંતર તમારી જ મૂર્તિનું અખંડ દર્શન થાય. હે શ્રીહરિ ! જગતના લોકો મને તમારો જ કહી બોલાવે અને ઓળખે - હે શ્રીહરિ ! આ દેહે મારી કાંઈ કસર કાંઈ અપરાધ થયા હોય તો માફ કરી મને તમારા અક્ષરધામમાં લઈ જજો. હે સહજાનંદ સ્વામી મારી અલ્પબુદ્ધિની આ પ્રાર્થના સાંભળી મારા પર રાજી રહેજો હે સ્વામિનારાયણ પ્રભો ! તમ વિના મારૂ કોઈ નથી. મારા હૈયાના હરિ ! મારો હાથ પકડી અંત સમયે મારી સાથે જ રહેજો. હે સરજુદાસ ! મારૂ સર્વસ્વ તમે જ છો. માટે તમને રાજી રાખવા આપની કૃપા થાવ. હું તમારી છું, હે નિલકંઠ વર્ણી આ સંસારરૂપી ખારા સમુદ્રમાં તમે મારી મીઠી વીરડી છો. તમારા ભક્તોની વિનંતી સાંભળીને અમનો જરૂરથી દર્શન દેજો. હે મહારાજાધિરાજ! તમે અનંત કોટિ બ્રહ્માંડના પતિ છો. અક્ષરબ્રહ્મના આત્મા છો. સર્વ કારણના પણ કારણ છો. ઈશ્વરના પણ ઈશ્વર છો. આ સૂર્ય ચંદ્ર નક્ષત્રો સર્વ તમારી આજ્ઞાથી જ આકાશમાં રહેલા છે. આ પૃથ્વી આપની આજ્ઞાથી સર્વને ધરીને રહેલી છે. તમારો મહિમા શેષ-શારદા પણ સંપૂર્ણ કહી શકતા નથી તો હું તો માયાવી જીવ છું. સર્વ અવતારના અવતારી શ્રી પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરિ નારાયણ અપાર તેજોમય એવું જે અક્ષરધામ તેના મધ્યને વિષે રહ્યું જે દિવ્ય સિંહાસન તેની ઉપર સદા બિરાજમાન ને ચારે કોર અનંત કોટિ મુક્ત મંડળની સભાએ વિંટળાયેલા એવા જે દિવ્ય મૂર્તિ પોતે તેનું દર્શન જે

આશ્રિતોને સહેજે સહેજે કરાવે છે અને તે દરેક જીવનું આત્યાંતિક કલ્યાણ કરે છે. અને આશ્રિત જીવને અંતકાળે પોતાના પાર્ષદે સહિત રથ કે વિમાનમાં લઈ જઈને અક્ષરધામનો અધિકારી બનાવે છે. એટલે જ પ્રેમાનંદ સ્વામીએ ચેષ્ટાના પદમાં ગાયું છે કે

**“અતિ દયાળુ રે સ્વભાવ છે સ્વામીનો**
**પરદુઃખ હારી રે વારી બહુનામીનો**
**કોઈને દુઃખીયો રે દેખી ન ખમાય**
**દયા આણી રે અતિ આકળા થાય.**
**અન્ન-ધન-વસ્ત્ર રે આપીને દુઃખ ટાળે**
**કરૂણા દૃષ્ટિ રે દેખી વાનજ વાળે.”**

મહાધિરાજ શ્રી ઘનશ્યામ મહારાજ દરેક આશ્રિતોની મનોકામના પૂર્ણ કરે છે. અનેકને પરચા પૂર્યા છે અને આજે પણ હાજરા-હજૂર છે. આમ અનંત કોટિ અખિલ બ્રહ્માંડના નાથ પૂર્ણ પુરુષોત્તમ એવા શ્રીહરિએ તમામ સંકલ્પ વિકલ્પનું સમાધાન કરી લાડુદાનજીના જીવનમાં પણ એક અદ્ભુત અનુભૂતિ કરાવી.

**“ચાર મિલે ચોસઠ ખીલે**
**વિસ રહે કર જોર,**
**જેહી મિલત છાતી ઠરે**
**હરખે સપ્ત કરોર.”**

પ્રથમ મિલનમાં જ શ્રી સહજાનંદજીને જેવા છે તેવા જાણી જીવનમાં કદી અને ક્યારેય નહીં આનંદ માણ્યો હોય તેવા અત્યાનંદની ઉર્મિઓને કાવ્ય સ્વરૂપે મહારાજ માટે ગાયું.

**તારા મુખની લાવણતા મીઠી રે, મોહન વનમાળી**
**એવી ત્રિભુવનમાં નવ દીઠી રે, મૂર્તિ મરમાળી**

સુંદર મજાની મહારાજની મૂર્તિનું વર્ણન કરતું આ મનોહર કીર્તન પ્રગટ ભાવની અનુભૂતિ કરાવે છે. રાગ-ગરબીમાં ત્રણ પદોમાં હેતથી-લાવણ્યના જે વખાણ કર્યા છે તે એક એક શબ્દમાં અંતરના ભાવથી મૂર્તિમાં મસ્ત બની, બ્રહ્મ બનીને આખા ત્રિભુવનમાં આવી મૂર્તિ ક્યાંય જોવા ન મળે, શબ્દે-શબ્દે મહારાજ મય બની જે પદ બનાવ્યા છે તે અદ્ભુત છે. ‘‘ધન્ય છે શ્રી રંગદાસજીને’’

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**
www.swaminarayan.info
www.swaminarayan.in
**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫
● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૯-૩૦ ● શયન આરતી ૨૦-૩૦

**ભાદરવા સુદ-૧૫ ગ્રહણ પાળવાનું છે**

**તા. ૨૮-૯-૨૦૧૫ સોમવાર ભાદરવા સુદ-૧૫ ખગ્રાસ ચંદ્ર ગ્રહણ છે. જે નીચેના સમય મુજબ પાળવાનું છે.**

**તા. ૨૭-૯-૨૦૧૫ રવિવારના ગ્રહણ વેધ રાત્રે ૯-૩૦**
**ગ્રહણ સ્પર્શ : તા. ૨૮-૯-૧૫ સોમવાર સવારે ૬-૩૦**
**ગ્રહણ મોક્ષ : સવારે ૯-૫૭**
**શણગાર આરતી : ૧૧-૦૦**
**રાજભોગ આરતી : ૧૨-૦૦**
**ગ્રહણ દરમ્યાન દર્શન ચાલુ રહેશે.**

# સત્સંગ સમાચાર

**શ્રી નરનારાયણદેવ પીઠના ભાવિ આચાર્ય પ.પૂ. ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૯ મો પ્રાકટ્યોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શુભ નિશ્રામાં આપણા પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૧૯ મો પ્રાકટ્યોત્સવ બીજો અષાઢ વદ-૧૦ તા. ૯-૮-૨૦૧૫ ને રવિવાર ના ધામધૂમથી ઉજવાયો.

શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપો દ્વારા સૌ પ્રથમ શ્રી નરનારાયણાદિ દેવોની શૃંગાર આરતી ઉતારીને દર્શન કરી સભામાં બિરાજમાન થયા હતા. વિદ્વાન વિપ્રો દ્વારા સ્વસ્તીવાચન વિધિવત રીતે સંપન્ન થયું. ત્યારબાદ પૂજનીય સંતો અને ટ્રસ્ટી મંડળ અને અગ્રગણ્ય હરિભક્તોએ સમૂહ આરતી ઉતારી હતી.

આજના શુભ પ્રસંગે નાના વિદ્યાર્થી સંતોએ પોતાની ધર્મકુળ પ્રત્યેની ભાવના નિષ્ઠા અને લાગણીનો સમન્વય કરતી પોતાની પ્રેરક વાણીથી શુભેચ્છા પાઠવી. પૂ. મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ સંતોએ પણ પોતાની અંતરની ભાવના વ્યક્ત કરી.

આજના પ્રસંગના યજમાન પ.ભ. નવિનભાઈ માંડલીયા (મોરબી) પરિવારે પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ સાથે સૌ સંત-હરિભક્તોની ધર્મકુળ પ્રત્યેની ભાવનાને બિરદાવી હતી. આજના શુભ દિને સભાપતિનું સ્થાન કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજીએ શોભાવ્યું હતું. (યોગી સ્વામી)

**શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ**

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તેમજ અમદાવાદ કાલુપુર મંદિરના સ.ગુ. પૂજ્ય મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની શુભ પ્રેરણાથી ખાખરીયા પ્રાન્તના મેડા નિવાસી (હાલ અમદાવાદ) પ.ભ. ખીમજીભાઈ ભગવાનભાઈ પટેલના સંકલ્પથી તેમના પુત્રો પ.ભ. રતીભાઈ ખીમજીભાઈ પટેલ તથા પ.ભ. ગોવિંદભાઈ ખીમજીભાઈ પટેલ આદિ પરિવાર તરફથી શ્રીહરિ પ્રસન્નાર્થે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના પરમ પવિત્ર સાનિધ્યમાં તા. ૧૬-૮-૨૦૧૫ થી તા. ૨૨-૮-૨૦૧૫ પર્યન્ત સવારે ૬-૦૦ થી ૮-૦૦ પ્રસાદીના દિવ્ય સભા મંડપમાં સંપ્રદાયના સુપ્રસિધ્ધ વિદ્વાન સ.ગુ. પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના સુમધુર કંઠે સંગીતના તાલે સ.ગુ. શતાનંદ મુનિ કૃત શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણનું સુંદર આયોજન સંપન્ન થયું હતું. પ્રાતઃ કાળમાં શ્રીમદ્ સત્સંગિજીવન મહાગ્રંથનું સંપ્રદાયના વિદ્વાન કથાકારના શ્રીમુખે શ્રવણ કરીને શ્રોતાજનો અને યજમાન પરિવાર ધન્ય ધન્ય બની ગયા.

તા. ૨૨-૮-૨૦૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ હતી. સવારે ૯-૦૦ થી ૧૦૩૦ મહામંત્ર ધૂન અને ઠાકોરજીને થાળ, ધર્મકુળ-સંતવર્ણી પાર્ષદોને રસોઈ યજમાન પરિવાર તરફથી આપવામાં આવી હતી. યજમાન પરિવારના પ.ભ. ખીમજી બાપા અને તેમના આજ્ઞાકિત પુત્રો પ.ભ. રતીભાઈ (ટ્રસ્ટીશ્રી) ચિ. કેતનભાઈ પ.ભ. ગોવિંદભાઈ, ચિ. શરદભાઈ આદિ પરિવારે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા. સમગ્ર આયોજનમાં બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, ભંડારી જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી આદિ સંત મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં હિંડોળા દર્શન**

પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં પરંપરાગત હિંડોળા ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. વિવિધ હિંડોળા પૈકી સૂકા મેવા, પવિત્રા, ચોકલેટ, ફુલ, ફ્રુટ, આદિના ભવ્ય હિંડોળા બનાવી ભગવાન શ્રીહરિને ઝુલાવતા હતા. સેવાભાવી હરિભક્તોએ હિંડોળાના યજમાન બની દિવ્ય લાભ લીધો હતો. પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, કોઠારી જે.કે. સ્વામી, શા. મુનિ સ્વામીએ આ પ્રસંગે સુંદર આયોજન કર્યું હતું.

(કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે પવિત્ર અધિક માસમાં ઉજવાયેલ ઉત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના રાજીપાથી શ્રીહરિપ્રસાદીભુત શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટ ખાતે પવિત્ર અધિક માસમાં વર્ષ દરમ્યાન આવતા ઉત્સવો ધામધૂમથી ઉજવાયા હતા.

નિજ મંદિરમાં બિરાજમાન સર્વોપરી શ્રી ઘનશ્યામ મહારાજ આદિ દેવોનો ષોડશોપચાર મહાભિષેક કેશર સ્નાન, ફુલના વાઘાના દર્શન, કુંજગલી, અન્નકૂટ, તેમજ શ્રીમદ્ સત્સંગિભૂષણ મહાગ્રંથની પારાયણ સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ)ના મધુર કંઠે સંગીતના તાલે સંપન્ન થઈ હતી.

કથા અંતર્ગત શ્રી નરનારાયણદેવ પ્રતિષ્ઠા વિધિની ઝાંખી સૌ ભક્તોને કરાવી હતી. શ્રીહરિકૃષ્ણ મહારાજનો સમૂહ અભિષેકનો લાભ સૌ ભક્તોએ લીધો હતો. પંચાળાના રાસનું તાદશ દર્શન, અને આયોજીત સમૂહ મહાપૂજામાં ૩૦૦ જેટલા ભક્તોએ સજોડે બેસી મહાલાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું. મહાપૂજાની પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત મંડળ સાથે પધાર્યા હતા અને પૂર્ણાહુતિની આરતી ઉતારીને મુખ્ય યજમાન પ.ભ. ઘનશ્યામભાઈ પટેલ (વિહારવાળા) તથા પ.ભ. વિપુલભાઈ પાણીયા (શિલાલેખવાળા)એ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરી આરતી ઉતારી આશીર્વાદ મેળવ્યા હતા.

સમગ્ર આયોજન અત્રેના મહંત સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી, સ.ગુ. મહંત સ્વામી નાના પી.પી. સ્વામી (ગાંધીનગર મહંતશ્રી) તથા સર્વે સત્સંગ સમાજે સાથે મળી કર્યું હતું. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે આખો માસ દરમ્યાન સુંદર પ્રેરણાત્મક સેવા બજાવી હતી.

**નારાયણઘાટ મંદિરમાં હિંડોળા દર્શન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તથા સ.ગુ. મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટમાં પવિત્ર શ્રાવણ માસમાં ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના જેમ કે, ફુલના, ફળોના, સુવર્ણ-ચાંદીના ઘરેણાના તથા ચલણી સિક્કા આદિના કલાત્મક હિંડોળા બનાવી શ્રીહરિકૃષ્ણ મહારાજને ઝુલાવી દર્શન કરાવ્યા હતા.

હિંડોળાની સેવા અત્રેનું સંત મંડળ અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળે કરી હતી. પ.પૂ. મોટા મહારાજશ્રી આ પ્રસંગે દર્શનાર્થે પધાર્યા હતા અને દર્શન કરી રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

(સાધુ દિવ્યપ્રકાશદાસ - નારાયણઘાટ મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા અધિક માસમાં પાટોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં શુભ ઉપસ્થિતિમાં પવિત્ર પ્રથમ અષાઢ અધિક પુરુષોત્તમ માસમાં પાટોત્સવની ભવ્ય ઉજવણી થઈ હતી. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ સત્સંગિજીવન પ્રથમ પ્રકરણ રાત્રીય ત્રિદિનાત્મક કથા યોજવામાં આવી હતી.

યજમાન પ.ભ. રવજીભાઈ પટેલના ઘરેથી તા. ૨૩-૬-૧૫ ના વાજતે ગાજતે ભવ્ય પોથીયાત્રા કાઢવામાં આવી હતી. તા. ૨૪ થી ૨૬ જૂન દરમ્યાન નારણપુરા મંદિરના મહંત શા.સ્વા. હરિૐપ્રકાશદાસજીના વક્તાપદે સુંદર કથાનું પાન શ્રોતાઓએ કર્યું હતું. તા. ૨૮-૬-૧૫ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક વિધિવત રીતે થયો હતો. સવારે ૧૦-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા અને સૌ ભક્તોને રાજી થઈ આશીર્વાદ પાઠવ્યા હતા.

યજમાન પરિવારના બહેનોના આમંત્રણથી પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને બહેનોને રૂડા આશીર્વાદ આપ્યા હતા. છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અન્નકૂટ આરતી ઉતારી આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર વ્યવસ્થા શા.સ્વા. માધવપ્રસાદદાસજીના માર્ગદર્શન મુજબ ભૂદેવો, પાર્ષદો, યુવક મંડળ અને મહિલા મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (કોઠારી મયુર ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરામાં પૂ. મોટા બહેનજીની પુણ્ય સ્મૃતિમાં ૧૨ કલાકની અખંડ ધૂન**

પ.પૂ. મોટા મહારાજશ્રીના બહેનજી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ફોઈ પૂ. મોટા બહેન અક્ષરનિવાસી થતા તેમની પુણ્ય સ્મૃતિમાં નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી સવારે ૭-૩૦ થી સાંજના ૭-૩૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન સૌ સંત-હરિભક્તોએ ભેગા મળી કરી હતી.

(મયુર ભગત)

**નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ઋષિકેશમાં શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવં

સમગ્ર ધર્મકુળના રાજીપા આશીર્વાદથી ઋષિકેશમાં સુંદર શ્રીમદ્ સત્સંગિજીવન કથાનું આયોજન સંપન્ન થયું. તા. ૮-૭-૧૫ ના રોજ રેલ્વે દ્વારા ૬૦૦ જેટલા હરિભક્તો હરિદ્વાર પહોંચીને વિવિધ સ્થળોએ દર્શન કરી તા. ૧૦-૭-૧૫ ના બપોરના ઋષિકેશમાં બાબા કાબલીવાળાના રમણીય વાનપ્રસ્થ આશ્રમમાં તમામ ભક્તોના આગમન બાદ સાંજે ૬-૦૦ કલાકે પોથીયાત્રા બાદ કથાના પ્રથમ સત્રનો પ્રારંભ થયો હતો. આજ દિવસે આશરે ૪૦ જેટલા હરિભક્તો જેમાં પ.ભ. દશરથભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી), પ.ભ. રતીભાઈ પટેલ (ટ્રસ્ટીશ્રી) તથા શ્રી ઘનશ્યામભાઈ (ફુવા), શ્રી નટુભાઈ, શ્રી રસિકભાઈ સોની આદિ હરિભક્તો બાય પ્લેનમાં પધાર્યા હતા. બેંગકોકથી પ.ભ. પ્રાગજીભાઈ ભીકડીયા પણ આ પ્રસંગે તેમના માતા-પિતા સાથે પધાર્યા હતા. કથાના યજમાન પ.ભ. ઈન્દ્રવદનભાઈ રાવજીભાઈ પટેલ (હિરાપુરવાળા) પરિવારે જીવનમાં અણમોલ લાભ લીધો હતો.

સાતેય દિવસ સવારે ૭-૦૦ થી ૮-૦૦ સુધી ગંગાઘાટ પર શ્રીહરિની ષોડશોપચાર મહાપૂજા ભૂદેવોએ વિવિધત રીતે કરી હરિભક્તોને રાજી કર્યા હતા. સવારે અલ્પાહાર બાદ ૯-૦૦ કલાકે કથા પ્રારંભ અને ૧૦-૩૦ કથા બાદ હરિભક્તોએ મહાપ્રસાદ લઈ દર્શનીય સ્થળોના દર્શન-સમૂહ ગંગા સ્નાન અને રાત્રીય પ્રસાદ બાદ રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦ કથાનો પ્રારંભ, તા. ૧૧-૭-૧૫ ના રોજ રાત્રે શ્રી ઘનશ્યામ પ્રાકટ્યની તથા પ્રાગટ્ય મહોત્સવ ખૂબજ ધામધૂમથી ઉજવાયો.

તા. ૧૨-૭-૧૫ ના રાત્રે ભૂજથી પધારેલા સ.ગુ.શા.સ્વા. ઉત્તમચરણદાસજીએ જ્ઞાન સાથે ગમ્મત દ્વારા હરિભક્તોને ખૂબ આનંદ કરાવ્યો હતો. તા. ૧૪-૭-૧૫ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે જેતલપુર ધામથી પધારેલા પૂજ્ય મોટા પી.પી. સ્વામીએ ગંગામાનું આખ્યાન કહી સૌને ખૂબજ સુખ આપ્યું હતું. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રાત્રી સભામાં પધારી હરિભક્તોને દર્શનનું અલૌકિક સુખ આપ્યું હતું. તા. ૧૫-૭-૧૫ ના રોજ ૧૧ કલાકે કથા વિરામ બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે યજમાનોનું સન્માન તેમજ સંતોની પ્રેરક વાણી બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સતત ૪૫ મિનિટ સુધી પ્રેરણાત્મક આશીર્વાદ આપીને સૌ ભક્તો ઉપર ખૂબજ રાજી થયા હતા. ત્યારબાદ આશ્રમનું નિરીક્ષણ કરી ખૂબજ પ્રભાવિત થયા હતા. આજ દિવસે પ્રાતઃ સૌ સંતો ભક્તોની ઉપસ્થિતિમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ગંગા પૂજન કરી શ્રીહરિકૃષ્ણ મહારાજનો ષોડશોપચાર થી વિધિવત પંચામૃત ગંગાજળ અને કેશરજળથી અભિષેક કર્યો હતો. સાથે સંત-હરિભક્તોએ લાભ લીધો હતો.

ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. તા. ૧૫-૭-૧૫ ના રાત્રે કથા અંતર્ગત ભવ્ય દર્શનીય સર્વોપરિ શ્રીહરિનો પટ્ટાભિષેક ધામધૂમથી ઉજવાયો. તા. ૧૬-૭-૧૫ ના પૂર્ણાહુતિનો દિવસ હોવાથી સવારે ૮-૦૦ કલાકે કથા પ્રારંભ બાદ ૧૨-૦૦ કલાકે સૌ ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો. અગ્રગણ્ય હરિભક્તોએ વિવિધ સેવામાં યજમાન બની લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.

પ્રસંગની પૂર્વ તૈયારીમાં યુવક મંડળના યુવાનોએ પ્રેરણાત્મક સેવા કરી હતી. નારણપુરા મંદિરના પ્રેમસ્વરૂપ સ્વામીએ અગાઉથી પધારી જવાબદારી પૂર્વક સુંદર સેવા બજાવી હતી. સાથે હરિદ્વાર મંદિરના મહંત સ્વામી મુકુન્દપ્રસાદદાસજીએ રસોડાની સંપૂર્ણ વ્યવસ્થા સંભાળી હતી. પ.ભ. જેરામભાઈ કાનાણી જેવા નિષ્ઠાવાનના આગોતરા આયોજન અને તેમની નિઃસ્વાર્થ સેવાથી સમગ્ર પ્રસંગ ચિરઃસ્મરણીય બન્યો. જલગાઁવ વાળા પી.પી. સ્વામી આદિ ૪૫ સંતોના આગમનથી પ્રસંગની શોભા વધી હતી. નવે નવ ધામના સંતોની ઉપસ્થિતિ એ આ પ્રસંગની ખાસ વિશેષતા હતી. નારણપુરા મંદિરના ભૂદેવ મંડળના મયુર ભગત, વિશાલ ભગત, સચિન ભગત આદિ સંત-પાર્ષદોએ ખેડ પગે સેવા બજાવી હતી.

નારણપુરા અને અત્રેના મહિલા મંડળે સાતેય દિવસ નાનામાં નાની શ્રમની સેવા કરીને સુંદર દાખલો બેસાડ્યો હતો. નારણપુરા આદિ અમદાવાદના વિવિધ વિસ્તારના હરિભક્તોએ પણ પ્રેરણારૂપ તન, મન અને ધનથી સેવા બજાવી હતી. (પૂજારી સ્વા. શ્રીજીચરણદાસજી - નારણપુરા મંદિર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર વાવોલમાં બહેનોની શિબિર**

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપગાદીવાળાશ્રીના આશીર્વાદથી તથા સાંખ્યયોગી સુરજબા, ઝવેરબાની પ્રેરણાથી તા. ૬-૮-૧૫ ના રોજ સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી સુંદર સત્સંગ શિબિરનું આયોજન થયું હતું. જેમાં અનેક ધામો ધમાસણા, સોજા, કલોલ, ઝુંડાલ અને અમદાવાદ આદિ થી પધારેલા સાંખ્યયોગી બહેનોએ ભગવાનશ્રી સ્વામિનારાયણના લીલા ચરિત્રોની વાતો કરી હતી. છેલ્લે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને સૌ બહેનોને આશીર્વાદ આપી રાજી થયા હતા.

(સાં. દર્શનાબેન)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાલીયાણા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરના દશાબ્દી પાટોત્સવના ઉપલક્ષમાં સ.ગુ. મહંત સ્વામી પ્રેમજીવનદાસજી તથા કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીની પ્રેરણાથી કાલીયાણા સત્સંગ મંડળ દ્વારા તા. ૧૬-૭-૧૫ ના રોજ અત્રે મંદિરમાં ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. આ પ્રસંગે દરેક હરિભક્તોએ મંત્રલેખન લખવાના નિયમો લીધા હતા. (અરજણભાઈ ગો. મોરી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મેઘાણીનગર (અમદાવાદ) જ્ઞાનયજ્ઞનું આયોજન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મેઘાણીનગર સ્વામિનારાયણ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં તા. ૧૫-૮-૧૫ થી તા. ૨૨-૮-૧૫ સુધી શ્રીમદ્ સત્સંગિભૂષણ રાત્રિ સપ્તાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું. જેના વક્તાપદે શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર નાથદ્વારા)એ વિરાજીને સુમધુર શૈલીમાં કથામૃતનું રસપાન કરાવેલ. જેમાં ઘણા હરિભક્તોએ લાભ લીધો હતો. (બળદેવભાઈ જે. પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (રાજ.) શતાબ્દી મહોત્સવ**

રાજસ્થાનની રાજધાની સુપ્રસિદ્ધ ગુલાબી નગરી જયપુરના ચાંદપોલ બજારમાં શ્રી નરનારાયણદેવ તાબાના શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન શ્રીહરિની પ્રાણ પ્રતિષ્ઠા ઈ.સ. ૧૯૧૫ માં શ્રી નરનારાયણદેવ પીઠના ચોથા આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે થઈ હતી. જે મંદિરને હમણા ઓગસ્ટ માસમાં ૧૦૦ વર્ષ પૂર્ણ થતા પરમ પૂજ્ય ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજીમહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી જેતલપુર ધામના સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શનથી તેમના જ શિષ્ય સ.ગુ. મહંત શા. સ્વામી દેવસ્વરૂપદાસજીના સુંદર પ્રયાસથી ૧૬ થી ૧૮ ઓગસ્ટ ૨૦૧૫ દરમ્યાન શતાબ્દી મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગના ઉપલક્ષમાં ત્રણ દિવસના જ્ઞાનયજ્ઞમાં ભાગવત અને સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગોવિંદ શબ્દને આધાર બનાવી સ.ગુ. પૂ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના વક્તા પદે માતૃભાષા રાષ્ટ્રીય ભાષા હિન્દીમાં જયપુરના આરાધ્ય દેવ ગોવિંદજીના મંદિરના વિશાળ સભાખંડમાં શ્રોતાઓને કથાનું રસપાન કરાવ્યું. ત્રિદિનાત્મક વિષ્ણુયાગ તેમજ નિજ મંદિરમાં બિરાજમાન દેવનો ષોડશોપચાર અભિષેક-છપ્પન ભોગ અન્નકૂટ વેદોક્ત વિધિથી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયો. આ પ્રસંગે અમદાવાદ, વડતાલ, મૂળી, ભૂજ, ગઢડા, જેતલપુર અને જુનાગઢ આદિ ધામોના ૧૦૦ જેટલા સંતોએ ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે પ્રાસંગિક સભામાં સર્વોપરિ શ્રીહરિએ શિક્ષાપત્રીમાં પ્રમાણિત કરેલા આઠ સત્શાસ્ત્રોનું પૂજન-અર્ચન અને પુષ્પ અને સાકરથી અભિષેક અને આરતી કરવામાં આવી. જે આઠ સત્શાસ્ત્રોનો સેટ મહોત્સવના મુખ્ય યજમાનશ્રીઓને સ્મૃતિ ચિન્હરૂપે ભેટ આપવામાં આવ્યા અને અન્ય યજમાનોને પણ વિવિધ ભેટથી સન્માનિત કરવામાં આવ્યા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા ધામોધામથી પધારેલા સંતોનું હરિભક્તો-યજમાનો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ જયપુરના સત્સંગમાં ખૂબજ પ્રગતિ થાય તેવા રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સમગ્ર મહોત્સવમાં મહંતશ્રી કે.પી. સ્વામી જેતલપુર, વિશ્વપ્રકાશ સ્વામી અંજલી, હરિઓમ સ્વામી નારણપુરા, નારણસ્વામી મહેસાણા અને વાલીના વિજય સ્વામીએ ખડેપગે સેવા સંભાળી હતી. (મહંત સાધુ દેવસ્વરૂપદાસ - જયપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ન્યુ દિલ્હી પાટોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મહંત સાધુ અનિરૂદ્ધદાસજી તથા પૂજારી સ્વા. ધર્મપ્રિયદાસજીની પ્રેરણાથી પ.ભ. અરવિંદભાઈ સેંધાલાલ પટેલ, કિરીટભાઈ મણીલાલ પટેલ (કુંડાળવાળા) આદિ પરિવાર તરફથી ન્યુ દિલ્હી મંદિરમાં બિરાજમાન બાલ સ્વરૂપ ઘનશ્યામ મહારાજનો ૨૨ મો પાટોત્સવ વિધિવત રીતે ઉજવાયો.

શ્રાવણ સુદ-૮ ના શ્રી ઘનશ્યામ મહારાજનો ષોડશોપચાર અભિષેક, શણગાર આરતી, અન્નકૂટ - મહાપૂજા સુંદર રીતે સંપન્ન થયા. સમગ્ર પ્રસંગમાં અયોધ્યા મંદિરના મહંત સ્વામી દેવ સ્વામી, શા. વિશ્વસ્વરૂપદાસજી, શા. છપૈયા સ્વામી, સુખનંદન સ્વામી, હરિદ્વાર મહંત મુકુન્દ સ્વામી, શ્રી પ્રકાશ સ્વામી આદિ સંત મંડળે ભગવાનનું માહાત્મ્ય ધર્મકુળ માહાત્મય કહી યજમાનોની સેવાને બિરદાવી હતી. દિલ્હીના સ્થાનિક હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

(શા. છપૈયાપ્રસાદદાસજી - મૂળી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હરિદ્વાર (કનખલ) શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ (તા. ૧૭-૮-૧૫ થી ૨૩-૮-૧૫ પર્યન્ત)**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અસીમ કૃપા-આશીર્વાદથી તેમજ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના મહંત શા. સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી હરિદ્વાર મહંત સ્વામી સ.ગુ. મુકુંદપ્રસાદદાસજી તથા અચલ ભગતના માર્ગદર્શનથી સિસલ્લ ના પ.ભ. પ્રવિણભાઈ વાલજીભાઈ દારાડ, જગદીશભાઈ વાલજીભાઈ દારાડ તેમજ કિશોરભાઈ વાલજીભાઈ દારાડ પરિવારે તેમના માતા-પિતાની પુણ્ય સ્મૃતિમાં ભાગવત સપ્તાહનું આયોજન કર્યું હતું.

શ્રીમદ્ ભાગવત સપ્તાહ (કથાનું)નું રસપાન સ.ગુ.શા.સ્વામી વિશ્વવિહારીદાસજીના વક્તાપદે સુંદર સંગીતમય શૈલીમાં ભક્તજનોને પરમાત્માનાં દિવ્ય ચરિત્રોનું શ્રવણ કરાવી કૃતાર્થ કર્યા હતા. તેમજ ભુજ મંદિરના દારાડ પરિવારના ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી સૌનકમુનિદાસજી, સ્વામી ભક્તિજીવન, સ્વામી સત્યજીવન તેમજ સ.ગુ. શા. સ્વામી ઉત્તમચરણદાસજીએ સભા સંચાલન કરી ભક્તજનોને હાસ્ય વિનોદ સાથે સત્સંગનો મહિમા સમજાવ્યો હતો.

સંપૂર્ણ કથા દરમિયાન પૂજારી સ્વામી ધર્મકિશોરદાસજી સ્વામીએ ઠાકોરજીનો સુંદર શણગાર સજી ભક્તજનોને ઠાકોરજીની મૂર્તિના નયન રમ્ય દર્શન કરાવી રાજી કર્યા હતા.

(પાર્ષદ જીતુ ભગત)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મોરબીમાં અધિક માસની ભવ્ય ઉજવણી**

પરમકૃપાળુ શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા અમારા ગુરુ સ.ગુ. પૂ. સ્વામી ભક્તિહરિદાસજીના માર્ગદર્શનથી તેમજ મોરબી મંદિરના મહંત સ.ગુ. શા.સ્વા. ભક્તિનંદનદાસજી તથા મહંત સ.ગુ. શા.સ્વા. વિશ્વવિહારીદાસજીની પ્રેરણાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં અધિક માસમાં વર્ષ દરમ્યાન આવતા આપણા સંપ્રદાયના ઉત્સવો હરિભક્તોના સાથ સહકારથી ખૂબજ ધામધૂમથી ઉજવ્યા હતા. સંતો દ્વારા વિશેષ કથા સાથે સાથે ઠાકોરજી સમક્ષ ધૂન-ભજન કીર્તનની રમઝટ બોલાવી હતી. હરિભક્તોએ અધિક માસમાં ઉત્સવોના યજમાન બની દર્શનનો મહા લાભ લઈ ધન્ય બન્યા હતા. હિંડોળા ઉત્સવ પણ વિવિધ પ્રકારના કલાત્મક હિંડોળા બનાવી શ્રીહરિકૃષ્ણ મહારાજને ઝુલાવ્યા હતા.

(મહંત સ્વામી શા. ભક્તિનંદનદાસજી - મોરબી)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ**

ઝાલાવાડ-હાલાર અને ભાલનું મોક્ષ દ્વાર એવું સ.ગુ. બ્રહ્માનંદ સ્વામી અને સ.ગુ. દેવાનંદ સ્વામી દ્વારા નિર્માણ થયેલ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનું ધામ મૂળી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બીજો અષાઢ સુદ-૧૫ ગુરુપૂર્ણિમા મહોત્સવ પરંપરાગત રીતે ધામધૂમથી ઉજવાયો. પ.પૂ. મોટા મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે પધાર્યા હતા. સૌ પ્રથમ શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારી દર્શન કરી સભામાં પધાર્યા હતા. મૂળીના ગોરભા દ્વારા સ્વસ્તી વાચન પૂજન-અર્ચન થયું. ત્યારબાદ અત્રે મંદિરના મહંત સ્વામી શ્યામસુંદરદાસજી આદિ મૂળીના સંતો દ્વારા પૂજન આરતી કરી હતી. મંદિરના ટ્રસ્ટી મંડળ અને આજના પ્રસંગના યજમાન શ્રીજી વિકટરી ટાઈલ્સ પ્રા.લી.ના પ.ભ. હરિભાઈ, તુલસીભાઈ, હિરાભાઈ, દેવજીભાઈ, જીવરાજભાઈ મોરબી અને ગોકુળભાઈ, ચમનભાઈ બાવળા, હ. વિજયભાઈ સુરેન્દ્રનગર આદિ હરિભક્તોએ પૂજન-આરતી કરી પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. આજે તો મૂળીમાં કીડીયારાની જેમ હરિભક્તો દર્શને ઉમટ્યા હતા. ક્યાંય પગ મૂકવાની જગ્યા નહતી. પ્રાસંગિક સભામાં સંતોએ ગુરુ પૂજન ગુરુ મહિમા - ધર્મકુળ માહાત્મ્ય કહ્યું હતું. હજારો ભક્તોને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. પૂ. મહંત સ્વામી શ્યામસુંદરદાસજીના માર્ગદર્શનથી કોઠારી વ્રજ સ્વામી, હરિકૃષ્ણ સ્વામી અને ભરત ભગત આદિ સંત-પાર્ષદોએ સુંદર સેવા બજાવી હતી. હરિભક્તોએ પણ ખડે પગે સેવા બજાવી હતી. આ પ્રસંગે મૂળી મહિમા સીડી અને ધર્માદાયની સુંદર માહિતી સભર પુસ્તિકાનું પ.પૂ મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વિમોચન થયું હતું.

(પા. ભરત ભગત - મૂળી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગરના આગામી દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં થયેલ કાર્યક્રમો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી તથા મહંત સ.ગુ. સ્વામી પ્રેમજીવનદાસજીના શુભ સંકલ્પથી સુરેન્દ્રનગર મંદિરના

આગામી દશાબ્દી મહામહોત્સવના ઉપલક્ષમાં મૂળી દેશના ગામડાઓમાં સત્સંગનો પ્રચાર પ્રસાર સુંદર રીતે થઈ રહ્યો છે. તે પૈકી મૂળી દેશના હાલાર પ્રાન્તના જીરાગઢ, ધૂળકોટ, બોડકા, જામસર, લાખાણી, જોડીયા, હડમતીયા, લૂંટાવદર અને રંગપર આદિ ગામોમાં થયેલ સત્સંગ સભામાં દેવ, ગાદીસ્થાનનો મહિમા, તેમજ દશાબ્દી મહોત્સવની માહિતી શા.સ્વા. પ્રેમવલ્લભદાસજી તથા શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (એપ્રોચ) અને રવિ ભગતે પ્રવચન દ્વારા સમજાવી હતી. મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**સુરેન્દ્રનગર મંદિર દશાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં નવ ધામો પૈકી વડતાલ મંદિરમાં ધૂન**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી આગામી સુરેન્દ્રનગર શ્રી સ્વામિનારાયણ મંદિરના દશાબ્દી મહામહોત્સવના ઉપલક્ષમાં વિવિધ કાર્યક્રમો પૈકી ૧૨૫ ગામો અને ૯ મહામંદિરોમાં ૧૨ કલાકની અખંડ ધૂનના આયોજન થયા છે. તા. ૨-૮-૧૫ ને રવિવારના રોજ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવના પાવન સાનિધ્યમાં ૧૨ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અત્રેના સંતો પણ જોડાયા હતા. મૂળી દેશના ગામડાઓના ઘણા ભક્તોએ અત્રે પધારી ધૂનનો લાભ લીધો હતો. સમગ્ર આયોજન કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીએ કર્યું હતું. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૩ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં ચરાડવા મંદિરના સંતો દ્વારા ગામડાઓમાં સત્સંગ પ્રવૃત્તિ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આગામી ૪૩ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં ચરાડવા મંદિરના મહંત સ્વામી અને સંત મંડળે મૂળી દેશના ગામોમાં રૂબરૂ જઈ ભજન ભક્તિના નિયમો ઉપરાંત મંત્રલેખન બુક, પેન તથા પ્રાકટ્યોત્સવની રૂપ રેખા અને કથાવાર્તા કરી નીચેના ગામોના હરિભક્તોને લાભ આપ્યો હતો. જેમાં મૂળી, જસાપર, લીમલી, ખેરાળી, ખારવા, બલદાણા, રતનપર, જોરાવરનગર, ટીંબા, લખતર, લીલાપુર, મેમકા, તાવી, શિયાણી, વરસાણી, નટવરગઢ, બળોલ, પાણશીણા, ચૂડા, છત્રીયાળા, જોબાળા, મોરવાડ, વસ્તડી, ખોલડીયાદ, ગુંદીયાળા, ટુવા, અચારડા, બોરણા, રામપરા, ડોળીયા, આયા, સાયલા, મોરબી, મોડપર, ચાંચાવદરડા, પીપળીયા, કાંતિપર, જેતપર, ખાખરેચી, જૂના નવા ઘાટીલા ટીકર રણમલપુર, નસીતપર, લૂંટાવદર, ઈશ્વરનગર, સુસવાવ, ભક્તિનગર, ઘનશ્યામનગર, નરનારાયણનગર, શ્રીજીનગર, સ્વામિનારાયણ નગર અને હળવદ આદિ ધામોમાં લાભ આપ્યો હતો.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૪૩ માં પ્રાકટ્યોત્સવના ઉપલક્ષમાં હળળદના ૧૭૫ ભાઈ-બહેનોએ હળવદથી ચરાડવા મંદિર સુધી સંતો સાથે પદયાત્રા યોજી હતી. ચરાડવા મંદિરમાં દર્શન કરી સભા યોજી હતી. છેલ્લે સૌએ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

(શ્રીનરનારાયણદેવ યુવક મંડળ - હળવદ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવં સમગ્ર ધર્મકુળના રાજીપાથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડીમાં બાલ સ્વરૂપ શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં પવિત્ર અધિક માસમાં તા. ૨૮-૬-૧૫ થી તા. ૮-૭-૧૫ પર્યન્ત મહંત શા. જ્ઞાન સ્વામીએ સર્વે શાસ્ત્રનો સાર કથાનો લાભ હરિભક્તોને આપ્યો હતો. સાથે સાથે દરિદ્રનારાયણની સેવાની પ્રેરણારૂપે પૂનમના દિને સરકારી દવાખાનામાં ફ્રૂટ, દૂધ, બિસ્કીટ દર્દીઓને વહેંચ્યા હતા. દર પૂનમે તેમજ જન્માષ્ટમી શિવરાત્રી તેમજ રામ નવમી શ્રીહરિ પ્રાકટ્યોત્સવ દિને દર્દીઓની સેવાનો પ્રારંભ કર્યો છે.

કથાની પૂર્ણાહુતિ પ્રસંગે મૂળી મંદિરના પૂર્વ મહંત અને વર્તમાન મૂળી મંદિર સ્કીમ કમિટીના ટ્રસ્ટી શા.સ્વામી નારાયણપ્રસાદદાસજી તથા શા.સ્વા. આત્મપ્રકાશદાસજીએ ઉપસ્થિત રહીને હરિભક્તોને પ્રેરણાત્મક વાતો કરી હતી.

(શા. જ્ઞાનવલ્લભદાસ)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર એલનટાઉન પેન્સીલવેનીયા (વડતાલ ધામ) મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ**

શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદ અંતર્ગત ઈન્ટરનેશનલ શ્રી સ્વામિનારાયણ ઓર્ગેનાઈઝેશન (આઈ.એસ.એસ.ઓ.) તાબાના અમેરિકાના પેન્સીલ વેનીયા સ્ટેટમાં એલન ટાઉનમાં શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ સહ રાજીપાથી તેમજ જેતલપુર ધામના પૂ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શાસ્ત્રી સ્વામી

પુરુષોત્તમપ્રકાશદાસજીના સંપૂર્ણ માર્ગદર્શનથી તથા અમેરિકાના ઈસોના આપણા દરેક ચેપ્ટરોના હરિભક્તોના સુંદર સહયોગથી ભવ્ય મંદિરનું નિર્માણ થયું. જેમાં પ્રથમ વાર શ્રી નરનારાયણદેવ અને લક્ષ્મીનારાયણ દેવ આદિ પધરાવવામાં આવ્યા.

તા. ૨૭-૭-૧૫ સોમવારના મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં કથાપારાયણનું સુંદર આયોજન થયું. જે અંતર્ગત પ.ભ. ભીખાભાઈના નિવાસ સ્થાનથી જગદીશભાઈ તથા ભીખાભાઈના પરિવારે પોથીનું વિધિવત રીતે પૂજન કર્યા બાદ સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સાથે પોથીયાત્રા વાજતે ગાજતે નૂતન મંદિરમાં પધરાવી. પારાયણના વક્તા જેતપુરધામના યુવાન શાસ્ત્રી સ્વામી ભક્તિનંદનદાસજીનું પૂજન આરતી કરી શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ થયો. બીજા દિવસે કથામાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવ્યો. સાથે સંત-હરિભક્તોએ સુંદર રાસ રમીને સૌને આનંદમાં ગરકાવ કરી દીધા. ત્રીજે દિવસ ગુરુવારના દેહશુધ્ધિના સુંદર કાર્યક્રમ દ્વારા સૌને દર્શનનો લાભ મળ્યો.

તા. ૩૧-૭-૧૫ શુક્રવારે વિષ્ણુયાગનો પ્રારંભ સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ અને સાંજે ૩-૦૦ થી ૭-૦૦ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થયો. જેના પૂજનમાં યજમાન હરિભક્તો પણ જોડાયા હતા. યુવતિ મંડળની બહેનો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો. વિજેતા બહેનોને ઈનામ આપવામાં આવ્યા હતા.

તા. ૧-૮-૧૫ શનિવારના શુભ દિને વિષ્ણુયાગ, કથા પારાયણ સાથે સાથે શ્રી હનુમાનજી, ગણપતીજી, શ્રી શિવ પરિવાર - સૂર્યનારાયણની પ્રાણ પ્રતિષ્ઠા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થઈ. રાત્રે ૮-૦૦ થી ૧૦-૦૦ શ્રી જગદીશભાઈ ત્રિવેદી હાસ્ય કલાકાર દ્વારા સુંદર ડાયરો થયો. જે પ્રસંગમાં સેવા કરનાર દાતાઓને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા.

તા. ૨-૮-૧૫ ઓગસ્ટ રવિવારના રોજ સવારના સૌ પ્રથમ મૂર્તિઓનું પૂજન તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના હસ્તે અભિષેકના દર્શનનો યજમાનશ્રીઓ તથા હરિભક્તોએ લાભ લીધો હતો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા વેદોક્ત શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન થઈ જેના દર્શન હજારો હરિભક્તોએ કરીને જય જય કાર કર્યો. પ્રસાદીની કંઠીઓ, સાડીઓની ઉછવણીમાં અનેક ભક્તોએ લાભ લીધો હતો. ત્યારબાદ ઠાકોરજીની શણગાર આરતી અને અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. છેલ્લે યજમાનોની આભાર વિધિ બાદ સૌ ભક્તોએ મહાપ્રસાદ લીધો હતો.

આ ભવ્ય મંદિરના નિર્માણમાં શ્રી ભીખાભાઈ, શ્રી અરવિંદભાઈ, શ્રી મુકેશભાઈ, શ્રી સુરેશભાઈ, શ્રી રમેશભાઈ, શ્રી દિલીપભાઈ તથા શ્રી જયેન્દ્રભાઈ તેમજ આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટરોના નાના મોટા સૌ હરિભક્તોએ તન, મન અને ધનથી સેવા કરી હતી.

પ્રાસંગિક સભામાં પૂ. શા.સ્વામી આત્મપ્રકાશદાસજી તથા આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટોરના સંતો-મહંતોના પ્રવચન બાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. (પ્રહલાદભાઈ પટેલ - ન્યુજર્સી)

### ઈટાસ્કા (શિકાગો) શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૭ મો પાટોત્સવ

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપા આશીર્વાદથી તથા અત્રેના મહંત શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા) તથા પૂજારી શાંતિપ્રકાશદાસજીના માર્ગદર્શનથી શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૭ મો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ અંતર્ગત ૧૨-૦૦ કલાકની મહામંત્રની ધૂન બાદ શ્રી વિદુરનીતિ નવાન્હ પારાયણ, પોથી યાત્રા, શ્રીહરિયાગ મહાપૂજા, ઠાકોરજીનો મહાભિષેક, અન્નકૂટ, બ્લડ ડોનેશન કેમ્પ વગેરે સાથે પૂ. શાસ્ત્રી સ્વામી હરિકેશવદાસજીની (કથાકાર ગાંધીનગર સે-૨૩) વચનામૃત દ્રષ્ટાંત સી.ડી.નું વિમોચન પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું. સૌ પ્રથમવાર શ્રી વિદુર નીતિ નવાન્હ પારાયણ શા. સ્વા. યજ્ઞપ્રકાશદાસજી (કાંકરિયા) ગુરુ મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજીના વક્તા પદે કથામાં જ્ઞાન સાથે ગમ્મત અને દ્રષ્ટાંત દ્વારા સૌ શ્રોતાઓને રસતરબોળ કરી દીધા હતા. આ પ્રસંગે લુઈવીલથી શા.સ્વા. ધર્મવલ્લભદાસજી, શા. વ્રજવલ્લભદાસજી આદિ સંતો પધાર્યા હતા.

પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. રમેશભાઈ આર. મારફતીયા (જોરણંગવાળા-ન્યુજર્સી) તથા અ.સૌ. જ્યોત્સનાબેન પટેલ રહ્યાં હતાં. સહ યજમાન પ.ભ. વિષ્ણુભાઈ અને ભારતીબેન પટેલ, પ.ભ. કાંતિભાઈ - કમળાબેન પટેલ (છત્રપુરા), પ.ભ. જયંતીભાઈ કાશીલાલ શાહ, પ.ભ. કમલેશભાઈ - કોકીલાબેન આદિ પરિવાર તથા પારાયણના મુખ્ય યજમાન શ્રી ભાવેશભાઈ - રણુબેન ગાંધી,

શ્રી જીગ્નેશભાઈ - તેજલબેન કા. અને સહ યજમાન શ્રી વિઠ્ઠલભાઈ - કમળાબેન પટેલ અને અભિષેકના મુખ્ય યજમાન શ્રી રિતેશભાઈ - બિનલબેન, અન્નકૂટના મુખ્ય યજમાન ડાહ્યાભાઈ જસુમતીબેન પટેલ અને સહ યજમાન અંકિતભાઈ - પ્રજ્ઞાબેન ઠક્કર રહ્યાં હતાં. એમ.પી.-૩ સીડીના યજમાન પ.ભ. રમેશભાઈ મારફતીયા પરિવાર રહ્યાં હતાં. જેમના તરફથી તમામ ભક્તોને સીડી ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગમાં સંતો, નાના મોટા સૌ ભક્તો અને કમિટી સભ્યો આદિએ સુંદર સેવા બજાવી હતી. (વસંત ત્રિવેદી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બોસ્ટનનો ૯ મો પાટોત્સવ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ સહ રાજીપાથી શ્રી સ્વામિનારાયણમંદિર બોસ્ટનનો ૯ માં પાટોત્સવ અંતર્ગત તા. ૧૯-૮-૧૫ થી તા. ૨૩-૮-૧૫ દરમ્યાન શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ સ.ગુ. શા.સ્વા. ભક્તિનંદનદાસજી ગુરુ સ.ગુ. શા. પી.પી. સ્વામી (જેતલપુરધામ)ના વક્તાપદે સુંદર કથાનું શ્રવણ કરાવ્યું હતું. તા. ૧૯-૮-૧૫ ના રોજ અત્રે પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીનું શુભાગમન થયું હતું. બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ કરીને ધર્મકુળને રાજી કરી પ.પૂ. મોટા મહારાજશ્રીના હસ્ત કમળ દ્વારા ઈનામ મેળવ્યા હતા. બાલિકાઓને પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના વરદ્ હસ્તે ઈનામ આપવામાં આવ્યા હતા. ઈસો ચેપ્ટરોમાંથી પધારેલા શિકાગો, બાયરન આદિ મંદિરના સંતોએ દેવ, આચાર્યશ્રી અને શાસ્ત્રનો મહિમા કહ્યો હતો.

તા. ૨૩-૮-૧૫ ના રોજ સવારે પાટોત્સવની પૂજન વિધિ યજમાનો દ્વારા વિધિવત રીતે થઈ હતી. મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો પાટોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી ધામધૂમથી સંપન્ન થયો હતો. ત્યારબાદ સમૂહ મહાપૂજામાં અનેક ભક્તોએ લાભ લીધો હતો. કથાની પૂર્ણાહુતિ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. પ.પૂ. મોટા મહારાજશ્રીનું યજમાન ભાઈઓએ તથા બહેનોએ પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીની પૂજન કરી આરતી ઉતારી હતી. યજમાનોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. બોસ્ટનના મેયરશ્રીએ પધારીને સુંદર ઉદ્‌બોધન કરી પ.પૂ. મોટા મહારાજશ્રીના દર્શન કરી ખૂબજ પ્રભાવિત થયા હતા. આગામી દશાબ્દી મહોત્સવની જાહેરાત સભામાં કરવામાં આવી હતી.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં શ્રી નરનારાયણદેવના અભિષેકના ૫૧ થી વધુ યજમાન બની ધર્મકુળનો વિશેષ રાજીપો મેળવ્યો હતો.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ભાઈઓને અને પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીએ બહેનોને આશીર્વાદ પાઠવ્યા હતા. શ્રી અરવિંદભાઈ પટેલે (પ્રેસિ.) આભાર વિધિ કરી હતી. સભા સંચાલન પ.ભ. જ્ઞાનેશ ધોળકિયાએ શોભાવ્યું હતું. નાના મોટા સૌ ભક્તો, સ્વયંસેવકો આદિ સૌની સેવા પ્રેરણારૂપ હતી. છેલ્લે મહાપ્રસાદ લઈ આગામી દશાબ્દી મહોત્સવમાં વિશેષ ભજન ભક્તિ સેવા કરાવનો સંકલ્પ કર્યો હતો.

તમામ વ્યવસ્થા આયોજન અત્રે મંદિરના મહંત સ્વા. વિવેકસાગરદાસજી (નાથદ્વારા) અને કમિટીના સભ્યોએ સુંદર રીતે કરી હતી.(સાધુ વિવેકસાગરદાસ અને કમિટી સભ્યો બોસ્ટન)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ)**

શ્રી સ્વામિનારાયણ મંદિર ઓકલેન્ડ ન્યુઝીલેન્ડમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તેમજ પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રાજીપાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળની બહેનોએ ખૂબજ પરિશ્રમ કરીને ઠાકોરજીને ભવ્ય કલાત્મક ફૂલોના વાઘા-ફૂલોનો હિંડોળો બનાવી ઝુલાવ્યા હતા. સમૂહ મહાપૂજામાં ઓકલેન્ડ અને હેમિલ્ટનના હરિભક્તોએ મહાપૂજામાં બેસીને લાભ લીધો હતો. ગુરુ પૂર્ણિમાના શુભ દિને સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની તસવીરનું પૂજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસમાં સાંજે શિવ પૂજન વિધિવત રીતે ભક્તો દ્વારા કરવામાં આવ્યું હતું.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદ પ્રેરણાથી પ.ભ. ડૉ. કાંતિભાઈ પટેલ અને અ.સૌ. ડૉ. રંજનાબેન પટેલ તેમજ જયંતીભાઈ, સુરેશભાઈ અતુલભાઈ, બિપીનભાઈ, મહેશભાઈ આદિ સર્વે ભક્તોએ મળી નેપાળ ભૂકંપ ગ્રસ્તો માટે આશરે ૧૫ હજાર ડોલરની સહાય આપણા મંદિર તરફથી મોકલવામાં આવી હતી. (તુષારભાઈ શાસ્ત્રી)

**આ અંકમાં સંજોગ વશાત્ પ્રશ્ન પેટી પ્રકાશિત થઈ નથી આવતા અંકથી નિયમતિ રૂપે પ્રકાશિત થશે.**

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

**પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી શ્રીજી પ્રસન્નાર્થે**

૮૮૮/- કાચા ટેલર્સ પરિવાર હ. મુળજીભાઈ કાચા લેસ્ટર-યુ.કે.
શ્રીજી પ્રસન્નાર્થે
૫૦૦/- પરમાર જગદીશ બચુલાલ ધૂળકોટ-નાઈરોબી
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૫૫૫/- પ.પૂ. મોટા મહારાજશ્રીના રાજીપા અર્થે ઈસ્ટ લંડન
ભૂડીયા કાંતિલાલ કેસરા
૫૫૫/- પ.પૂ.અ.સૌ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા ઈસ્ટ લંડન
અર્થે અ.સૌ. જસવંતીબેન કાંતિલાલ ભૂડીયા
૧૦૧/- અ.નિ. હંસાબેન હર્ષદભાઈ પટેલ
માસિક પુણ્ય તિથિ નિમિત્તે દહેગામ
૧૦૧/- અ.નિ. રૂપારેલીયા આકાશભાઈ ઘનશ્યામભાઈ સુરત
માસિક પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- અ.નિ. અશ્વિનભાઈ ધીરૂભાઈ જાંબુડાવાળા
ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે
૧૦૦/- પટેલ તુલસીબેન ધર્મકુળ અને કચ્છ ઈસ્ટ લંડન
શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે
૧૦૧/- પટેલ સચિનકુમાર ભગવાનભાઈ ચિ. પ્રિશાના જન્મ દિને સાંકાપુરા
૧૦૧/- અ.નિ. કથીરીયા મુકેશભાઈ પરસોત્તમદાસ અમદાવાદ
પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે
૨૦૦/- ચૌધરી રાજેશકુમાર મણીલાલ વેલજીભાઈ સમૌ
નવી તુફાન ગાડી નિમિત્તે
૨૨૫/- પટેલ જય અરવિંદભાઈ ઓસ્ટ્રેલીયાના વિઝા નિમિત્તે સાબરમતી
૨૦૦/- પટેલ હેત શરદભાઈ લાલભાઈ જન્મ દિને અસલાલી
૨૦૧/- ભાવસાર ધીમંત સેવંતીલાલ નવાવાડજ
નવું એકટીવા લાવ્યા તે નિમિત્તે
૧૧૧/- પટેલ વિજય રમણભાઈ વિસલપુર
શ્રીહરિકૃપાથી પેન્સન પુરુ મળ્યું તે નિમિત્તે
૫૦૦/- પટેલ ક્રિના હિમાંશુ જન્મ દિને લવારપુર
૧૦૧/- ભાવસાર મીતા પંકજભાઈ ૪૫ માં જન્મ દિને નવાવાડજ
૧૦૧/- મકવાણા જયંતીભાઈ માનસંગભાઈ લીંબડી
ચિ. વિમલની સગાઈ નિમિત્તે
૧૫૦/- ચાવડા ચંદ્રસિંહ કમાભાઈ રામપરા
ચિ. વિશાલને ધો-૧૨ સાયન્સમાં સારા ટકા નિમિત્તે
૧૦૧/- પટેલ નક્ષ રવિકુમાર પરસોત્તમભાઈ જન્મ પ્રસંગે ભાત
૧૦૧/- પટેલ આરોહી રવિકુમાર સ્કુલે બેસાડવા નિમિત્તે ભાત
૨૦૦/- પટેલ રવિશ જયંતીભાઈ બી. સાબરમતી
અમેરિકાના સ્ટુડન્ટ વિઝા નિમિત્તે
૧૦૧/- ડૉ. ઉમંગ કિશોર ચૌહાણ શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે જીરાગઢ
૧૦૦/- કા. શશીકાન્ત એમ. અમદાવાદ
ઋષિકેશમાં કથાનો લાભ લીધો તે નિમિત્તે
૧૦૧/- પરમાર નિધિ મુકેશભાઈ અમદાવાદ
ધો-૧૨ માં પાસ થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ કૃપાબેન શૈલેષભાઈ દેવડા
ધો.-૧૧ સાયન્સમાં સારા ટકા નિમિત્તે
૧૦૧/- કા. ચિમનલાલ મણીલાલ શ્રીજી પ્રસન્નાર્થે મુંબઈ
૧૦૧/- સાપરીયા મિલન દિનેશભાઈ ધો-૧૨ માં સારા ટકા નિમિત્તે મુંબઈ
૧૫૧/- સાપરીયા અરવિંદ તુલસીભાઈ ચિ. વિનીતાના લગ્ન પ્રસંગે મુંબઈ
૨૦૦/- ટાંક અંકિત બિપીનભાઈ મુંબઈ
ગુરુ પૂર્ણિમા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે
૨૦૦/- ટાંક નિમેષ બિપીનભાઈ મુંબઈ
ગુરુ પૂર્ણિમા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે
૨૦૦/- ટાંક નિયતિ પ્રવિણભાઈ મુંબઈ
ગુરુ પૂર્ણિમા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ નિમિત્તે
૧૦૦/- ટાંક ભારતીબેન બિપીનભાઈ મુંબઈ
ઠાકોરજીને થાળ અને સંતોની રસોઈ નિમિત્તે
૧૦૧/- મારવી પ્રિયા ધર્મેશભાઈ ધો-૧૦ માં ૯૧ ટકા નિમિત્તે મુંબઈ
૧૦૧/- મારવી કરણ ધર્મેશભાઈ ગુરુ પૂર્ણિમા નિમિત્તે મુંબઈ
૧૫૦/- પટેલ મહેન્દ્રકુમાર જેઠાલાલ અમેરિકાના વિઝા નિમિત્તે ડાંગરવા
૧૦૦/- પટેલ પ્રવિણચંદ્ર અંબારામભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉવારસદ
૧૦૦/- પટેલ ભૂમિ રમેશભાઈ ધો-૧૨ માં સારા ટકા નિમિત્તે વિહાર
૧૦૦/- ચૌહાણ આયુષસિંહ વજેસિંહ પુણ્ય તિથિ નિમિત્તે ટાંકીયા
૨૦૧/- શ્રી સ્વામિનારાયણ મંદિર (બાઈઓનું) બાલાસિનોર
પ.પૂ. મહારાજશ્રીના ૪૩ માં પ્રાકટ્યોત્સવના
ઉપલક્ષમાં ૮૫ બાલ ચરિત્ર કથા નિમિત્તે
૧૧૦/- ચોટલીયા મુકેશ દયાળજીભાઈ ચિ. કાવ્યાના જન્મ પ્રસંગે સુરત
૧૦૦/- પટેલ રમાબેન મનહરભાઈ ગુરુ પૂર્ણિમા નિમિત્તે બાયડ
૧૦૧/- મારવી નિતિનભાઈ વિરજીભાઈ ગુરુપૂર્ણિમા નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ પ્રવિણ સોમાભાઈ જે. વિહાર
ચિ. ધ્રુવાંગને ધો-૧૦ માં ૮૨ ટકા નિમિત્તે
૧૦૦/- અ.નિ. પટેલ લાલભાઈ ત્રિકમભાઈના સ્મરણાર્થે ઉનાવા
૧૦૦/- પટેલ પરસોતમ વલ્લવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- પટેલ દેવજીભાઈ વલ્લવભાઈ શ્રીજી પ્રસન્નાર્થે સૂકાટીંબા
૧૦૦/- પટેલ યશ જસુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે લવારપુર
૧૦૦/- પટેલ જીગર ઘનશ્યામભાઈ ચિ. દક્ષના ૪ થા જન્મ દિને વહેલાલ
૧૦૦/- બ્રહ્મભટ્ટ ઘનશ્યામભાઈ નારણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૫૦૧/- એક સત્સંગીબેન શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે રનેલા
૧૦૦/- વાઘેલા વર્ષાબા કિરીટસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગરોડીયા
૧૦૧/- ચૌહાણ કૌશલ ભીમજીભાઈ અમદાવાદ
નવું એકટીવા લીધું તે નિમિત્તે
૧૦૦/- વાઘેલા કિરીટસીંહ બળવંતસિંહ ગુરુપૂર્ણિમા પ્રસંગે ગરોડીયા
૧૦૧/- પટેલ નવ્ય કિરણકુમાર શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૧/- પટેલ દિપન્સ સુરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાયડ
૧૦૧/- વરૂ યશ રાજેશભાઈ સ્કુલે બેસાડવા નિમિત્તે જીરાગઢ
૧૦૦/- વરૂ મનસ્વીબેન પ્રકાશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે જીરાગઢ
૧૦૧/- મોદી કાંતાબેન વાડીલાલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- ગજ્જર નીતાબેન આર. શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૫૦૧/- ચૌધરી હરિ નારાયણભાઈ અમેરિકાના વિઝા નિમિત્તે બાલવા
૧૦૧/- ચૌધરી હરિ નારાયણભાઈ જન્મ દિને બાલવા
૧૧૧૧/- પટેલ વાડીલાલ મનજીભાઈ ગોઠીબ
નોકરીમાં વય નિવૃત્તિ થતા શ્રીહરિ પ્રસન્નાર્થે
૧૦૦/- ઉમિયા જ્વેલર્સ નવી દુકાન કરી તે નિમિત્તે એણાસણ
૧૦૧/- અ.નિ. પટેલ ગિરધરલાલ ગણપતરામ માણસા
૧૧ મી પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૦/- વરૂ તનય રમેશભાઈ સ્કુલે બેસાડવા નિમિત્તે જીરાગઢ
૧૦૦/- પટેલ અલકાબેન જયેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ચાંદખેડા
૧૦૧/- અ.નિ. વાઘેલા રાજવીરસિંહ મહિપતસિંહના સ્મરણાર્થે ગોધાવી
૧૦૧/- વાઘેલા ગીતાબા મહિપતસિંહ શ્રીજી પ્રસન્નાર્થે ગોધાવી

| | | |
|---|---|---|
| ૧૧૧/- | મોદી મધુબેન પી. અધિક માસમાં ગંગાપૂજન નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ કોમલબેન ભાવિકકુમાર<br>નવું સ્કુટર લીધું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ ગીરીશભાઈ ગોવિંદભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | પરઢોલ |
| ૫૦૦/- | પટેલ વિનુભાઈ ચતુરભાઈ<br>ચિ. પ્રશાંતકુમારને મ્યુ.માં ફુલ પગાર નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ પાર્થ શૈલેષકુમાર સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે | નરોડા |
| ૧૦૦/- | પટેલ ધારા શૈલેષકુમાર સારા ટકાએ પાસ થયા તે નિમિત્તે | નરોડા |
| ૧૦૦/- | પટેલ હર્ષ પ્રકાશભાઈ સારા ટકાએ પાસ થાય તે નિમિત્તે | નરોડા |
| ૧૦૦/- | પટેલ જીતેન્દ્રભાઈ બી. ચિ. રાજના જન્મદિને | નવાનરોડા |
| ૧૦૦/- | પટેલ દિપકકુમાર કનૈયાલાલ ડિગ્રી પાસ કર્યુ તે નિમિત્તે | રાજપુર |
| ૧૦૦/- | પટેલ મૌલિકકુમાર કનૈયાલાલ ડિગ્રી પાસ થયા તે નિમિત્તે | રાજપુર |
| ૧૦૦/- | પટેલ કનૈયાલાલ ચંદુલાલ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે | રાજપુર |
| ૧૦૦/- | મોરી અશોકભાઈ કાનજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૦૦/- | પટેલ મૌલિક દિનેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૧૦૦/- | પટેલ પ્રતિક કનૈયાલાલ શ્રીજી પ્રસન્નાર્થે | વાગોસણા |
| ૧૦૦/- | પટેલ યુગ કલ્પિતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ગોઠીબ |
| ૧૦૧/- | વરસાણી જયાબેન વિનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નાના માચીયાળા |
| ૫૦૦/- | પટેલ ખુશાલકુમાર મિતુલભાઈ ૩૧-૭ જન્મ દિને | વાવોલ |
| ૫૦૦/- | પટેલ માનસી નિલેશકુમાર ૨-૮ જન્મ દિને | વાવોલ |
| ૨૦૧/- | પટેલ સતીષભાઈ પરસોત્તમદાસ<br>ચિ. હર્ષિલને ધો-૧૨ માં ૮૨ ટકા નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ અમરીષભાઈ નારણભાઈ<br>શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | પાટણ |
| ૧૦૧/- | પરમાર હિતેન્દ્રસિંહ લખુભા ચિ. મનરાજસિંહના જન્મદિને | બળોલ |
| ૧૦૦/- | પટેલ પરાગ ઘનશ્યામભાઈ જન્મ દિને | કનીપુર |
| ૧૦૦/- | પટેલ હેતલબેન વિરલકુમાર જન્મ દિને | નાંદોલ |
| ૧૦૦/- | પટેલ નિમેષ ચિમનલાલ શ્રીજી પ્રસન્નાર્થે | મુંબઈ |
| ૧૦૦/- | પટેલ અશ્વિનભાઈ ચંદુલાલ<br>શણગાર આરતી ૧ વર્ષ કરી તે નિમિત્તે | વાગોસણા |
| ૧૦૦/- | પટેલ ભીખાભાઈ નાથાલાલ<br>શણગાર આરતી ૧ વર્ષ કરી તે નિમિત્તે | વાગોસણા |
| ૧૦૦/- | પટેલ ઘનશ્યામભઈ વિઠ્ઠલભાઈ<br>શણગાર આરતી ૧ વર્ષ કરી તે નિમિત્તે | વાગોસણા |
| ૧૦૦/- | સોલંકી ગાંડાભાઈ ગોબરભાઈ જન્મ દિને | ડેમાઈ |
| ૧૦૧/- | મોદી લીલાબેન રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧/- | મોદી રસિકલાલ બાબુલાલ ચિ. મોનિકાના જન્મ દિને | અમદાવાદ |
| ૧૫૧/- | પંચાલ રાજેશભાઈ ખેમાભાઈ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | ટોરડા |
| ૨૦૦/- | મોરી રવિભાઈ સુખાભાઈ નવી દુકાન નિમિત્તે | કાલીયાણા |
| ૨૦૧/- | સાપરીયા નિલકંઠ અને રિન્કલ લગ્ન પ્રસંગે | જીરાગઢ |
| ૧૦૧/- | સાપરીયા જયેન્દ્ર છગનભાઈ ગુરુ પૂર્ણિમા નિમિત્તે | જીરાગઢ |
| ૧૦૧/- | સાપરીયા છગન રવજી ગુરુપૂર્ણિમા નિમિત્તે | જીરાગઢ |
| ૨૦૦/- | સુનિતાબેન પરેશ શ્રીજી પ્રસન્નાર્થે | સુરત |
| ૫૦૧/- | પટેલ રીમાબેન ભરતભાઈ જોબ મળી તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | ચૌહાણ સુરેશ મનસુખભાઈ નવું ફ્રીજ લાવ્યા તે નિમિત્તે | રાજકોટ |
| ૧૦૧/- | રાઠોડ વાલજી મુળજી ગુરુપૂર્ણિમા નિમિત્તે | મુંબઈ |
| ૧૦૧/- | રાઠોડ દેવ કૌશિક જન્મ દિને | મુંબઈ |
| ૧૦૧/- | ભાવસાર જસ ધો-૧૦ માં સારા ટકા નિમિત્તે | પ્રાંતિજ |
| ૧૦૦/- | પટેલ કપીલાબેન પ્રવિણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | હાથપાળીયા |
| ૧૦૦/- | પટેલ અશોકકુમાર ભક્તિભાઈ<br>તેમના પિતાશ્રીની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે | વડુ |
| ૧૦૧/- | પરમાર ગટોરભાઈ ઠાકરસીભા<br>પૌત્રી કોમલને ધો-૧૨ માં ફર્સ્ટકલાસ નિમિત્તે | બળોલ |
| ૧૦૧/- | પરમાર ગટોરભાઈ ઠાકરસીભાઈ<br>ભાણો ધ્રુવિલ ધો-૧૦ માં ફર્સ્ટકલાસ નિમિત્તે | બળોલ |
| ૧૦૧/- | પટેલ મેનાબેન નટવરલાલ સંતોને રસોઈ નિમિત્તે | રાજપુર |
| ૧૦૦/- | પટેલ હિરાબેન કાંતિલાલ સંતોને રસોઈ નિમિત્તે | રાજપુર |
| ૧૦૦/- | પટેલ રમેશભાઈ નારણદાસ શ્રીજી પ્રસન્નાર્થે | રાજપુર |
| ૧૦૦/- | પટેલ દિશાંત જગદીશભાઈ જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ અંશુ કિરણભાઈ ગુરુપૂર્ણિમા પ્રસંગે | ખેરોલ |
| ૧૦૦/- | પટેલ ધ્રુમિલકુમાર મુકેશભાઈ<br>એન્જી.માં એડમીશન નિમિત્તે | અમદાવાદ |
| ૧૧૧/- | ગજ્જર મોનિલ ગોપાલભાઈ ગુરુપૂર્ણિમા નિમિત્તે | અમદાવાદ |
| ૨૦૧/- | વાઘેલા અંશરાજસિંહ પથ્વીરાજસિંહ જન્મ પ્રસંગે | ગોધાવી |
| ૧૦૦/- | પટેલ કોકીલાબેન વિ. ભાણાના જન્મ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ પ્રીતિબેન વિષ્ણુભાઈ ગુરુપૂર્ણિમા નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧/- | કાલાણી વાલજીભાઈ કાળાભાઈ ગુરુપૂર્ણિમા નિમિત્તે | દહેગામ |
| ૧૦૦/- | પટેલ અનંતિકા ચંદ્રેશકુમાર જન્મ દિને | આકરૂંદ |
| ૨૫૦/- | પટેલ હાર્દિક જગદીશભાઈ<br>નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે | બાયડ |
| ૨૦૦/- | પટેલ ડિમ્પી શૈલેષકુમાર જન્મ દિને | ધમાસણા |
| ૧૦૦/- | પટેલ મિત શૈલેષભાઈ ઝેરોક્ષ મશીન લાવ્યા તે નિમિત્તે | ધમાસણા |
| ૨૦૦/- | પટેલ ફોરમબેન જીતેનભાઈ ગર્વન્મેન્ટ જોબ નિમિત્તે | કેનેડા |
| ૪૦૧/- | ચુડાસમા નિતુભા હઠુભા ગુરુપૂર્ણિમા નિમિત્તે | ઝિંઝર |
| ૧૦૦/- | પટેલ હિરેન અરવિંદભાઈ જન્મ દિને | ઈટાદરા |
| ૧૦૦/- | પટેલ ચંદ્રેશભાઈ ગણેશભાઈ પુત્ર જન્મ પ્રસંગે | બામરોલી |
| ૧૧૦/- | ખેર પ્રવિણભાઈ નારણભાઈ બીજી પુણ્ય તિથિ નિમિત્તે | બળોલ |
| ૧૦૦/- | પટેલ આશિષકુમાર કનુભાઈ જોબમાં ૧ વર્ષ થયું તે નિમિત્તે | ખેરોલ |
| ૧૦૦/- | દરજી મનોજભાઈ અશોકભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | નરોડા |
| ૧૦૧/- | પરમાર શાંતિભાઈ વાલાભાઈ નવું ટ્રેક્ટર લાવ્યા તે નિમિત્તે | બળોલ |
| ૧૦૦/- | પટેલ કાંતિભાઈ વિસાભાઈ<br>અમેરિકાના વિઝા મળ્યા તે નિમિત્તે | ડાંગરવાવાળા |
| ૫૦૦/- | પટેલ ઘનશ્યામભાઈ મુળજીભાઈ<br>ચિ. ગુંજનના જન્મ દિને | સાપાવાડા |
| ૧૦૦/- | પટેલ દિપીકાબેન કાંતિભાઈ<br>અમેરિકાના વિઝા નિમિત્તે | ડાંગરવાવાળા |
| ૨૦૦/- | પટેલ નિગમ પોપટભાઈ ચિ. પાર્થવી પી. આર. થઈ તે નિમિત્તે | પોર |
| ૧૦૦૧/- | હિરાણી ધનજીભાઈ હિરજીભાઈ<br>ચિ. જયેશના તા. ૯-૮ ના શુભ લગ્ન પ્રસંગે | વુલવીચ |
| ૧૦૦/- | પટેલ સુનિલભાઈ ચિનુભાઈ ચિ. વ્રજના ૫ માં જન્મ દિને | મોખાસણ |
| ૧૦૦/- | પટેલ રજતકુમાર મહેન્દ્રભાઈ<br>આઈ.એલ.ટી.એસ.માં ૭ લેન્ક નિમિત્તે | ગવાડા |
| ૧૦૧/- | ગજ્જર સુશીલાબેન પ્રાણભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | રતનપર |
| ૧૦૦/- | અ.નિ. ચૌધરી રામાજી હાલાજીના સ્મરણાર્થે | બાલવા |
| ૧૦૦/- | પટેલ અમરતભાઈ પરસોતમદાસ<br>શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | કોલાદ |
| ૫૦૦/- | પટેલ રોનક પ્રવિણચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે | ઉવારસદ |
| ૧૦૦/- | પટેલ સતીષકુમાર ડાહ્યાભાઈ જન્મ દિને | સાપાવાડા |
| ૧૦૦/- | પટેલ ફાલ્ગુનીબેન રમેશચંદ્ર જન્મ દિને | સાપાવાડા |
| ૧૦૦/- | પટેલ ઉર્જા દિનેશભાઈ જન્મ દિને | બાયડ |
| ૧૦૦/- | પટેલ વ્રજ દિનેશભાઈ જન્મ દિને | બાયડ |
| ૧૦૦/- | પટેલ પૂનમબેન બ્રિજેશકુાર જન્મ દિને | સાપાવાડા |
| ૧૦૦/- | પટેલ સુકેશ ભરતભાઈ જોબ મળી તે નિમિત્તે | સાપાવાડા |

| | | |
|---|---|---|
| ૧૦૧/- | પટેલ હર્ષ શૈલેષકુમાર જન્મ દિને | અમદાવાદ |
| ૨૫૧/- | પટેલ હેતાંગ મધુસુદન | મોટેરાવાળા |
| | કેનેડામાં એમ.ઈ.માં એડમીશન નિમિત્તે | |
| ૧૦૦/- | ચૌહાણ ચંદ્રજીતસિંહ જીવણસિંહ જન્મ દિને | નાવણ |
| ૧૦૧/- | કાનાબાર નિલેશભાઈ રમેશભાઈ ચિ. રિધમના જન્મ દિને | ભાભર |
| ૨૦૧/- | પટેલ ગ્રિષ્મા હિરેનકુમાર જોબ મળી તે નિમિત્તે | ધમાસણા |
| ૨૦૧/- | અ.નિ. પટેલ નટવરલાલ મરઘાભાઈ પુણ્ય તિથિ નિમિત્તે | ધમાસણા |
| ૧૦૦/- | પટેલ મનસુખભાઈ ઠાકરસીભાઈ | અમદાવાદ |
| | પ.પૂ. લાલજી મહારાજશ્રીના જન્મોત્સવ પ્રસંગે | |
| ૧૦૦/- | પટેલ પાર્થ મનસુખભાઈ ચિ. રૂવિનના પ્રથમ જન્મ દિને | બાપુનગર |
| ૨૦૦/- | પ્રજાપતી મહેશભાઈ કાનજીભાઈ નિવૃત થયા તે નિમિત્તે | ગાંધીનગર |
| ૧૦૧/- | અ.નિ. કમળાબા રામભાઈ પટેલના સ્મરણાર્થે | મોખાસણ |
| ૧૦૧/- | કા. પટેલ હાર્દિક નિતીનભાઈ જન્મ દિને | કપડવંજ |
| ૫૦૦/- | કા. હર્ષદભાઈ શાંતિલાલ નોકરીમાંથી | બાલાસિનોર |
| | નિવૃત થયા તે નિમિત્તે | |
| ૨૫૧/- | શેઠ રમેશચંદ્ર હિરાલાલ બાયપાસ | મોડાસા |
| | શ્રીહરિકૃપાથી સફળ થયું તે નિમિત્તે | |
| ૧૦૧/- | ભાવસાર પાર્શ્વ જતીનકુમાર જન્મ દિને | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ શ્વેતાબેન સુજલભાઈ ઓસ્ટ્રેલીયા પ્રવાસ નિમિત્તે | પુંધરા |
| ૧૦૦/- | પટેલ જયદિપભાઈ મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સીમરીકંપા |
| ૧૦૦/- | પટેલ ભારતીબેન જયદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સીમરીકંપા |
| ૧૦૦/- | પટેલ વિધિબેન જયદિપભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | સીમરીકંપા |
| ૧૦૧/- | ભાવસાર નરેશકુમાર ડાહ્યાલાલ | વિસનગર |
| | ચિ. રૂદ્ર-ક્રિશાના જન્મ દિને | |
| ૧૦૧/- | પરમાર જયરાજ બળવંતસિંહ | બળોલ |
| | ડિપ્લો. એન્જી. સે-૪ માં ફર્સ્ટ કલાસ નિમિત્તે | |
| ૧૦૦/- | ભાવસાર અલ્પેશ રમેશચંદ્ર શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૫૧/- | મોદી જગદીશભાઈ | અમદાવાદ |
| | ચિ. દર્શન બી.ઈ.આઈ.સી. એન્જી. થયા તે નિમિત્તે | |
| ૧૦૦/- | પૂજારા ત્રિભોવનભાઈ વિરજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૨૦૦/- | પટેલ બિપીનચંદ્ર ગોપાલભાઈ | વિહાર |
| | ચિ. કિશન અમેરિકા ગયો તે નિમિત્તે | |
| ૧૦૧/- | વાઘેલા ગજેન્દ્રસિંહ પથુભા નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ દિનેશભાઈ હરગોવનદાસ | કલોલ |
| | ચિ. દર્શનને સ્કુલે બેસાડ્યો તે નિમિત્તે | |
| ૧૦૦/- | અ.નિ. મીસ્ત્રી રામુબેન દયારામભાઈના સ્મરણાર્થે | જોરાવનગર |
| ૧૦૦/- | પટેલ પૂજન રાજેન્દ્રકુમાર જન્મ દિને | પોર |
| ૨૦૦/- | પોરગામ યુવક મંડળ પોરથી કાલુપુર મંદિર પદયાત્રા નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ કિરીટભાઈ કેશવલાલ ચાર ધામ યાત્રા નિમિત્તે | પોર |
| ૧૦૦/- | પટેલ ફેની કિરીટકુમાર આઈ.ટી.માં એડમીશન નિમિત્તે | પોર |
| ૧૦૦/- | દેસાઈ શારદાબેન મનસુખભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૦/- | પટેલ ધરણી, શિરાલી, ઉન્નત શ્રીજી પ્રસન્નાર્થે | આકરૂંદ |
| ૧૦૦/- | પટેલ કૌશલ અનિલભાઈ | સાયરા |
| | એમ.બી.બી.એસ.માં એડમીશન નિમિત્તે | |
| ૨૦૦/- | પટેલ અરવિંદભાઈ પી. | ઉવારસદ |
| | શ્રીહરિએ સંકલ્પ પૂર્ણ કર્યા તે નિમિત્તે | |
| ૧૦૦/- | સોની મહેશભાઈ કાંતિલાલ જન્મ દિને | અમદાવાદ |
| ૫૦૦/- | ડોડીયા કાશીબેન બેચરભાઈ | ટીંબા |
| | બાયપાસ સર્જરી સફળ થઈ તે નિમિત્તે | |
| ૧૦૦/- | પટેલ અમરતભાઈ બબલદાસ નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે | વડુ |

## અક્ષરનિવાસી હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**ભાઉપુરા (તા. કલોલ) :** પ.ભ. કાંતિભાઈ શંકરદાસ પટેલ તા. ૧૦-૮-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બળોલ (ભાલ) :** સિંધવ પુતળીબા ગોવિંદભા (ઉં. ૮૦ વર્ષ) (જેમના ઘરે શ્રીહરિના ચરણારવિંદ છે) તા. ૮-૮-૨૦૧૫ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**બાલવા (જી. ગાંધીનગર) :** પ.ભ. ચૌધરી રામાજી હાલાજી (ઉ. ૮૭ વર્ષ) તા. ૨૧-૭-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કાલીચાણા :** અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારી વયોવૃધ્ધ સેવાનિષ્ઠ ભુદરભાઈ કરસનભાઈ મોરીના ધર્મપત્ની શાંતાબેન ભુદરભાઈ મોરી (ઉ. ૮૨ વર્ષ) તા. ૯-૮-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**મહાદેવનગર-અમદાવાદ :** પ.ભ. સતીષભાઈ પટેલ (મહાદેવનગર શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજારી માવજીભાના ભાણેજ) (ઉં. ૨૮ વર્ષ) તા. ૩૧-૭-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અંબાપુર :** પ.ભ. મંગળભાઈ મગનભાઈ (હાલ અમેરિકા) તા. ૧૭-૮-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. કાંતિભાઈ લાલજીભાઈ કોટક તા. ૨૦-૮-૨૦૧૫ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.






















૧. પવિત્ર શ્રાવણ માસમાં નારણઘાટ મંદિરમાં પ્રસાદીના શિવલીંગનું પૂજન કરતા પ.પૂ.મોટા મહારાજશ્રી. ૨. શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા દ્વારા ઋષિકેશમાં ગંગા કિનારે ગંગાજીથી ઠાકોરજીનો અભિષેક કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા શ્રીમદ્ સત્સંગિ જીવન પારાયણનું પાન કરતા સંતો- હરિભક્તો.

Registered under RNI-GUJ Guj /2007/20221 "Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. - 003/15-17 issued ssp Ahd Valid up to 31-12-2017 Licenced to Post without pre payment No. CPMG/GJ/01/2015 valid up to 31-12-2017















૧. એલેન્ટાઉન(અમેરિકા) વડતાલધામ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી સાથે શા.સ્વામી આત્મપ્રકાશદાસજી. ૨. બોસ્ટન મંદિરમાં પાટોત્સવ પ્રસંગે ઘનશ્યામમહારાજના અભિષેક દર્શન. ૩. કોલોનિયા મંદિરના ૧૦મા પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક કરતા શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપો. ૪. શિકાગો મંદિરના પાટોત્સવ પ્રસંગે ઠાકોરજીનો અભિષેક.૫. ડીટ્રોઈટ મંદિરમાં પાટોત્સવ પ્રસંગે પ.પૂ.મહારાજશ્રીની આરતી ઉતારતા સંતો - હરિભક્તો. ૬. ઓકલેન્ડ, ન્યુઝીલેન્ડ મંદિરમાં હિંડોળા દર્શન.

Praful Kharsani